
સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS

YouTube ICE RAJKOT




ICE CURRENT NEWS WEEK 52નો વીડિયો જોવા માટે અહીં CLICK કરો

ICE RAJKOT SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

**સંપાદક**
મૌલિક ગોંધિયા
(Director - ICE)

[DEC-2019]
[22/12 to 28/12]

# WEEK-52

## CURRENT TOPIC


- ભારતમાં લાંબા ગાળાના વ્યાજ દરમાં ઘટાડો કરવા RBI દ્વારા 'ઓપરેશન ટ્વિસ્ટ' લોન્ચ
- ગુજરાતમાં વડોદરા ખાતેથી કમોસમી વરસાદથી નુકસાન સહાયનો રાજ્યવ્યાપી પ્રારંભ
- શ્રી અટલ બિહારી વાજપેઈની જન્મજયંતી નિમિત્તે ભારતમાં 'અટલ ભૂજળ યોજના' લોન્ચ
- 3000 મીટરથી વધુ ઊંચાઈ પર આવેલી વિશ્વની સૌથી લાંબી રોહતાંગ ટનલ હવે 'અટલ ટનલ' તરીકે ઓળખાશે
- કેન્દ્ર સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલા પ્રથમ 'Good Governance Index'માં ગુજરાત છઠ્ઠા ક્રમે


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR, KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

## 22 DECEMBER, 2019 SUNDAY

### ➢ દિવસ મહિમા : 22 ડિસેમ્બર, રાષ્ટ્રીય ગણિત દિવસ (National Mathematics Day)




ભારતમાં દર વર્ષે 22 ડિસેમ્બર 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવાય છે.

- ભારતના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી **શ્રી એસ. રામાનુજનની** યાદમાં તેમનો જન્મદિન ભારતમાં 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવાય છે.
- **શ્રી શ્રીનિવાસ રામાનુજનનો** જન્મ 22 ડિસેમ્બર, 1887ના રોજ **તમિલનાડુના ઈરોડ** ખાતે થયો હતો.
- શ્રી એસ. રામાનુજનની **125મી જન્મજયંતી** નિમિત્તે વર્ષ 2012માં ભારતના તત્કાલીન વડાપ્રધાન **ડો. મનમોહન સિંહે** આ દિવસની ઉજવણીની જાહેરાત કરી હતી.
- આ અંતર્ગત વર્ષ 2012થી ભારતમાં દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**નોંધ :** આ ઉપરાંત ડો. મનમોહન સિંહે કરેલી જાહેરાત અનુસાર વર્ષ 2012ની ભારતમાં 'રાષ્ટ્રીય ગણિત વર્ષ' તરીકે પણ ઉજવણી કરવામાં આવી હતી.

### ➢ ગુજરાતના MSME એકમો પણ હવે પબ્લિક ઈશ્યુ દ્વારા નાણાં મેળવી શકશે



ગુજરાત સરકારે NSE એટલે કે National Stock Exchange સાથે MOU કર્યા છે.

- આ MOUને કારણે ગુજરાતના **MSME એકમો** પણ હવે પબ્લિક ઈશ્યુ દ્વારા (એટલે કે પોતાના શેર બહાર પાડીને તેને વેચીને) નાણાં મેળવી શકશે.
- ગુજરાતમાં MSME એકમોને પ્રોત્સાહન આપવા માટે તેમજ તેમના દેવામાં ઘટાડો થાય તે માટે ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગે NSE સાથે આ MOU કર્યા છે.

#### બેન્ક ઓફ બરોડા સાથે કરાર

આ ઉપરાંત ગુજરાતમાં MSME ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારે Bank of Baroda સાથે પણ MOU કર્યા છે.

- બેન્ક ઓફ બરોડા સાથે થયેલા કરાર મુજબ ગુજરાતમાં હવે રૂ. 5 કરોડ સુધીના પ્રોજેક્ટ ધરાવતા MSME એકમોની લોન ફક્ત 7 દિવસમાં જ મંજૂર થઈ જશે.
- અને 5 કરોડથી વધુના પ્રોજેક્ટની લોન ફક્ત 21 દિવસમાં જ મંજૂર થઈ જશે.

#### MSME

MSMEનું પૂરું નામ 'Micro, Small and Medium Enterprises' (સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો) છે.

- ભારતમાં MSME Development Act 2006 મુજબ MSME એકમોનું વર્ગીકરણ બે રીતે કરવામાં આવ્યું છે :
  (1) Manufacturing સેક્ટરના MSME એકમો અને
  (2) Service સેક્ટરના MSME એકમો
- 29 સપ્ટેમ્બર, 2006ના રોજ પ્રસિદ્ધ થયેલા કેન્દ્ર સરકારના જાહેરનામા મુજબ ભારતમાં MSME એકમોની વ્યાખ્યા અથવા તો રોકાણની મર્યાદા આ પ્રમાણે છે :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**મેન્યુફેક્ચરિંગ સેક્ટરના MSME એકમો**

| ક્રમ | ઉદ્યોગ | પ્લાન્ટ અને મશીનરીમાં રોકાણ |
|---|---|---|
| 1 | Micro (સૂક્ષ્મ) ઉદ્યોગો | રૂ. 25 લાખ કરતા ઓછું |
| 2 | Small (લઘુ) ઉદ્યોગો | રૂ. 25 લાખથી રૂ. 5 કરોડ |
| 3 | Medium (મધ્યમ) ઉદ્યોગો | રૂ. 5 કરોડથી રૂ. 10 કરોડ |

**સર્વિસ સેક્ટરના MSME એકમો**

| ક્રમ | ઉદ્યોગ | રોકાણ |
|---|---|---|
| 1 | Micro (સૂક્ષ્મ) ઉદ્યોગો | રૂ. 10 લાખ કરતા ઓછું |
| 2 | Small (લઘુ) ઉદ્યોગો | રૂ. 10 લાખથી રૂ. 2 કરોડ |
| 3 | Medium (મધ્યમ) ઉદ્યોગો | રૂ. 2 કરોડથી રૂ. 5 કરોડ |

**નોંધ :** MOUનું પૂરું નામ Memorandum of Understanding છે.

## ICE Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 21 ડિસેમ્બર (B) 22 ડિસેમ્બર (C) 23 ડિસેમ્બર (D) 24 ડિસેમ્બર **(B)**

2. ભારતમાં કોનો જન્મદિન 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) શ્રી વરાહમિહિર (B) શ્રી એસ. રમણ મહર્ષિ
(C) શ્રી આર્યભટ્ટ (D) શ્રી એસ. રામાનુજન **(D)**

3. ગુજરાત સરકારે તાજેતરમાં કરેલા MOU અંતર્ગત હવે ગુજરાતના કયા ઉદ્યોગો પણ પબ્લિક ઈશ્યુ દ્વારા નાણાં મેળવી શકશે ?
(A) Micro (B) Small (C) Medium (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

4. ગુજરાતના MSME એકમો પણ પબ્લિક ઈશ્યુ દ્વારા નાણાં મેળવી શકે તે માટે ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગે કોની સાથે MOU કર્યા છે ?
(A) SEBI (B) BSE (C) NSE (D) કેન્દ્ર સરકારના નાણા વિભાગ સાથે **(C)**

5. ગુજરાત સરકારે બેન્ક ઓફ બરોડા સાથે કરેલા MOU અંતર્ગત ગુજરાતમાં હવે રૂ. 5 કરોડ સુધીના પ્રોજેક્ટ ધરાવતા એકમોને ફક્ત કેટલા દિવસમાં લોન મળશે ?
(A) 5 દિવસ (B) 7 દિવસ (C) 10 દિવસ (D) 21 દિવસ **(B)**

6. ગુજરાત સરકારે બેન્ક ઓફ બરોડા સાથે કરેલા MOU અંતર્ગત ગુજરાતમાં હવે રૂ. 5 કરોડથી વધુના પ્રોજેક્ટ ધરાવતા એકમોને ફક્ત કેટલા દિવસમાં લોન મળશે ?
(A) 5 દિવસ (B) 7 દિવસ (C) 10 દિવસ (D) 21 દિવસ **(D)**

7. MSMEનું પૂરું નામ શું છે ?
(A) Micro, Small and Medium Entity
(B) Micro, Small and Medium Enterpreneur
(C) Micro, Small and Medium Enterprises
(D) Micro, Small and Medium Enterresources **(C)**


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 23 DECEMBER, 2019 MONDAY

### ➢ દિવસ મહિમા : 23 ડિસેમ્બર, કિસાન દિન

ભારતમાં દર વર્ષે 23 ડિસેમ્બર 'રાષ્ટ્રીય કિસાન' દિન તરીકે ઉજવાય છે.

**ભારતમાં 23 ડિસેમ્બરના રોજ શા માટે કિસાન દિન ઉજવાય છે ?**




ભારતમાં શ્રી ચૌધરી ચરણ સિંહની યાદમાં 'રાષ્ટ્રીય કિસાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- શ્રી ચૌધરી ચરણ સિંહ 'કિસાનોના મસિહા' તરીકે પ્રસિદ્ધ છે.
- આથી, ખેડૂતોના કલ્યાણ માટે તેમણે કરેલા કાર્યોને બિરદાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- શ્રી ચૌધરી ચરણ સિંહનો જન્મ 23 ડિસેમ્બર, 1902ના રોજ ઉત્તરપ્રદેશના નૂરપુર ખાતે થયો હતો.
- આથી તેમનો જન્મદિન 23 ડિસેમ્બર ભારતમાં 'રાષ્ટ્રીય કિસાન દિન' તરીકે ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**શ્રી ચૌધરી ચરણ સિંહ**

શ્રી ચૌધરી ચરણ સિંહ 28 જુલાઈ 1979થી 14 જાન્યુઆરી, 1980 દરમિયાન જનતા પાર્ટી સરકારમાં ભારતના પાંચમા વડાપ્રધાન હતા.

- 24 માર્ચ 1977થી 28 જુલાઈ 1979 દરમિયાન શ્રી મોરારજીભાઈ દેસાઈની જનતા પાર્ટી સરકારમાં તેઓ શ્રી જગજીવન રામ સાથે ભારતના બીજા નાયબ વડાપ્રધાન હતા.
- તેમણે શ્રી મોરારજીભાઈ દેસાઈની સરકારમાં ભારતના નાણાંમંત્રી તેમજ ગૃહ મંત્રી તરીકે પણ સેવા આપી છે.
- આ ઉપરાંત ઉત્તરપ્રદેશના પાંચમા મુખ્યમંત્રી તરીકે પણ તેમણે સેવા આપી હતી.

**શ્રી ચૌધરી ચરણ સિંહ દ્વારા થયેલા કિસાન હિતના કાર્યો**

શ્રી ચૌધરી ચરણ સિંહના કારણે જ 1 જુલાઈ 1952ના રોજ ઉત્તરપ્રદેશમાં જમીનદારી પ્રથાનો અંત થયો હતો.

- કિસાનોના હિતમાં તેમણે 1954માં ઉત્તરપ્રદેશમાં 'જમીન સંરક્ષણ કાયદો' પસાર કરાવ્યો હતો.
- ભારતના નાણાંમંત્રી અને નાયબ વડાપ્રધાનની રૂએ ભારતમાં 'રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક' 'NABARD'ની સ્થાપનામાં પણ તેમની અગત્યની ભૂમિકા હતી.
- કિસાનોના કલ્યાણ માટે પોતાના વિચારો રજૂ કરતા અનેક પુસ્તકોનું પણ તેમણે સર્જન કર્યું છે.

**શ્રી ચૌધરી ચરણ સિંહના પ્રસિદ્ધ પુસ્તકો**

શ્રી ચૌધરી ચરણ સિંહના કેટલાક પ્રસિદ્ધ પુસ્તકોમાં નીચેના પુસ્તકોનો સમાવેશ થાય છે :

(1) ઈન્ડિયાઝ ઈકોનોમિક પોલિસી–ધ ગાંધીયન બ્લુપ્રિન્ટ (1978)

(2) ઈકોનોમિક નાઈટમેર ઓફ ઈન્ડિયા : ઈટ્સ કોઝ એન્ડ કયોર (1981)

(3) જોઈન્ટ ફાર્મિંગ એકસ રે
(4) કો–ઓપરેટિવ ફાર્મિંગ એકસ રે
(5) અબોલિશન ઓફ જમીનદારી
(6) પીઝન્ટ પ્રોપરાઈટરશિપ ઓર લેન્ડ ટુ ધ વર્કર્સ

**નોંધ :** (1) દિલ્હી ખાતે આવેલું શ્રી ચૌધરી ચરણ સિંહનું સમાધિ સ્થળ 'કિસાન ઘાટ' તરીકે ઓળખાય છે.
(2) ઉત્તરપ્રદેશના લખનૌ ખાતે આવેલું ઈન્ટરનેશનલ એરપોર્ટ ચૌધરી ચરણ સિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટ તરીકે ઓળખાય છે.

## NABARD

NABARDનું પૂરું નામ 'National Bank for Agriculture and Rural Development' છે.

- નાબાર્ડની સ્થાપના 12 જુલાઈ, 1982ના રોજ થઈ હતી.
- નાબાર્ડનું વડું મથક મુંબઈ ખાતે આવેલું છે.
- નાબાર્ડ એ ભારતની સર્વોચ્ચ Development Financial Institution છે.
- ભારતના ગ્રામીણ વિસ્તારોમાં કૃષિ તથા અન્ય આર્થિક ગતિવિધિઓ માટે ઋણ ઉપલબ્ધ કરાવવા નીતિઓ ઘડવી તથા એ અંગે યોજનાઓ બનાવવી અને તેનું સંચાલન કરવું એ નાબાર્ડનું મુખ્ય કાર્ય છે.
- નાબાર્ડ એ Developmental Financial Institution (DFI)નું Status ધરાવતી ભારતની એકમાત્ર સંસ્થા છે.
- શ્રી બી. સિવરામન સમિતિની ભલામણને આધારે ભારતમાં નાબાર્ડની સ્થાપના થઈ હતી.
- ભારતમાં 'નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ એક્ટ 1981' લાગુ કરવા માટે સંસદના એક અધિનિયમ દ્વારા નાબાર્ડની સ્થાપના થઈ હતી.
- આથી, નાબાર્ડ એ ગેરસંવૈધાનિક - વૈધાનિક સંસ્થા છે.

**સંવૈધાનિક, ગેરસંવૈધાનિક -કારોબારી અને ગેરસંવૈધાનિક-વૈધાનિક સંસ્થા વચ્ચેનો તફાવત**

| ક્રમ | સંસ્થા | સમજૂતી |
|---|---|---|
| 1 | સંવૈધાનિક | બંધારણના કોઈ અનુચ્છેદ દ્વારા જેની સ્થાપના થઈ હોય એવી સંસ્થા |
| 2 | ગેરસંવૈધાનિક–વૈધાનિક | સંસદના કોઈ અધિનિયમ દ્વારા જેની સ્થાપના થઈ હોય એવી સંસ્થા |
| 3 | ગેરસંવૈધાનિક–કારોબારી | કેન્દ્ર સરકાર દ્વારા જેની સ્થાપના થઈ હોય એવી સંસ્થા કે જેના માટે કોઈ કાયદાની જરૂર નથી. |

### ICE ? Questions

1. ભારતમાં કયો દિવસ કિસાન દિવસ તરીકે ઉજવાય છે ?
(A) 21 ડિસેમ્બર (B) 22 ડિસેમ્બર (C) 23 ડિસેમ્બર (D) 24 ડિસેમ્બર
**(C)**

2. ભારતમાં કોનો જન્મ દિન 'કિસાન દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) શ્રી અટલ બિહારી વાજપેઈ (B) શ્રી જયપ્રકાશ નારાયણ
(C) શ્રી મોરારજી દેસાઈ (D) શ્રી ચૌધરી ચરણ સિંહ
**(D)**

3. 'ઈન્ડિયાઝ ઈકોનોમિક પોલિસી–ધ ગાંધીયન બ્લુપ્રિન્ટ' પુસ્તકના લેખકનું નામ શું છે ?
(A) શ્રી ચૌધરી ચરણ સિંહ (B) ડો. મનમોહન સિંહ
(C) શ્રી અરૂણ જેટલી (D) શ્રી પી. ચિદમ્બરમ્
**(A)**

4. 'નાબાર્ડ' કયા પ્રકારની સંસ્થા છે ?
(A) સંવૈધાનિક (B) અર્ધન્યાયિક
(C) ગેરસંવૈધાનિક–વૈધાનિક (D) ત્રણમાંથી કોઈ નહિ
**(C)**



## 24 DECEMBER, 2019 TUESDAY

### ➤ દિવસ મહિમા : 24 ડિસેમ્બર, રાષ્ટ્રીય ગ્રાહક દિન (National Consumer Day)




ભારતમાં દર વર્ષે 24 ડિસેમ્બર 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' તરીકે ઉજવાય છે.

- ભારતમાં Consumer Protection Act, 1986 (અથવા તો ગ્રાહક સુરક્ષા એક્ટ, 1986)ના અમલને ભારતની ગ્રાહક સુરક્ષા ચળવળમાં ઐતિહાસિક સિમાચિહ્ન માનવામાં આવે છે.
- ભારતમાં ગ્રાહક સુરક્ષા એક્ટ, 1986ને રાષ્ટ્રપતિ દ્વારા 24 ડિસેમ્બર, 1986ના રોજ મંજૂરી આપવામાં આવી હતી.
- આથી, આ એક્ટને 24 ડિસેમ્બરના રોજ મંજૂરી મળી હોવાથી ભારતમાં 24 ડિસેમ્બર 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' તરીકે ઉજવાય છે.
- વર્ષ 2019ની 'રાષ્ટ્રીય ગ્રાહક દિવસ'ની થીમ 'Alternate Consumer Grievance/Dispute Redressal' છે.

**નોંધ :** (1) 'રાષ્ટ્રીય ગ્રાહક દિન'ને 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ' (National Consumers Right Day) તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) ભારતમાં 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' 24 ડિસેમ્બરના રોજ ઉજવાય છે. જ્યારે 'વિશ્વ ગ્રાહક દિવસ' 15 માર્ચના રોજ ઉજવાય છે.

### ➤ 66th National Film Awards 2019 એનાયત

23 ડિસેમ્બર, 2019ના રોજ ભારતમાં નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે 66મા નેશનલ ફિલ્મ એવોર્ડ 2019 એનાયત કરવા માટે એક સમારોહનું આયોજન થયું હતું.

- આ સમારોહમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુએ વિવિધ મહાનુભાવોને રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડથી સન્માનિત કર્યા હતા.
- આ અંતર્ગત એનાયત થયેલા વિવિધ પુરસ્કારો અને તેના વિજેતાઓના નામ આ પ્રમાણે છે :

#### ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો'ને બેસ્ટ ફિલ્મનો એવોર્ડ : 'રેવા' બેસ્ટ ગુજરાતી ફિલ્મ

તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા આ એવોર્ડમાંથી ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો'ને 'બેસ્ટ ફિલ્મ'નો એવોર્ડ મળ્યો છે.

- કચ્છની મહિલા પર બનેલી આ ફિલ્મના ડાયરેક્ટર શ્રી અભિષેક શાહ છે.
- 'બેસ્ટ ફિલ્મ'ના એવોર્ડ ઉપરાંત 'હેલ્લારો'ને 'સ્પેશિયલ જ્યુરી એવોર્ડ' પણ એનાયત થયો છે.
- આ ઉપરાંત પ્રાદેશિક ફિલ્મોની કેટેગરીમાં 'રેવા' ફિલ્મને 'બેસ્ટ ગુજરાતી ફિલ્મ'નો એવોર્ડ એનાયત થયો છે.

#### બે ગુજરાતી ફિલ્મોને રોકડ પુરસ્કારની શ્રી વિજયભાઈ રૂપાણીની જાહેરાત

66મા નેશનલ ફિલ્મ પુરસ્કાર 2019માં એવોર્ડ વિજેતા ઉપરોક્ત બે ફિલ્મોને રોકડ પુરસ્કાર આપવાની મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જાહેરાત કરી છે.

- ગુજરાત સરકાર દ્વારા ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહન આપવા માટે જાહેર કરાયેલી 'ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહન નીતિ-2016' અંતર્ગત આ પુરસ્કાર આપવામાં આવશે. જેમાં–

(1) નેશનલ ફિલ્મ એવોર્ડમાં 'બેસ્ટ ફિચર ફિલ્મ'નો એવોર્ડ વિજેતા 'હેલ્લારો' ફિલ્મને રૂ. 2 કરોડનો પુરસ્કાર મળશે.

(2) જ્યારે નેશનલ ફિલ્મ એવોર્ડમાં 'બેસ્ટ ગુજરાતી ફિલ્મ'નો એવોર્ડ વિજેતા ફિલ્મ 'રેવા'ને ગુજરાત સરકાર તરફથી રૂ. 1 કરોડનો પુરસ્કાર મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિવિધ ફિલ્મોને મળેલા એવોર્ડ

ભારતમાં મુખ્ય ત્રણ કેટેગરી– (1) ગોલ્ડન લોટસ એવોર્ડ (2) સિલ્વર લોટસ એવોર્ડ અને (3) રિજનલ (પ્રાદેશિક) એવોર્ડ – માં વિવિધ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારની જાહેરાત કરવામાં આવે છે.

- આ અંતર્ગત જાહેર થયેલા વિવિધ એવોર્ડમાંથી કેટલાક મહત્ત્વના એવોર્ડ આ પ્રમાણે છે :

### ગોલ્ડન લોટસ એવોર્ડ : (ઓફિશિયલ નામ - સ્વર્ણ કમલ એવોર્ડ)

| ક્રમ | એવોર્ડ | વિજેતા ફિલ્મ | ભાષા |
|---|---|---|---|
| 1 | બેસ્ટ ફિલ્મ | હેલ્લારો | ગુજરાતી |
| 2 | બેસ્ટ ડિબ્યુ ફિલ્મ ઓફ ડાયરેક્ટર | નાલ | મરાઠી |
| 3 | બેસ્ટ પોપ્યુલર ફિલ્મ | બધાઈ હો | હિન્દી |
| 4 | બેસ્ટ ચિલ્ડ્રન ફિલ્મ | Sarkari Hi. pra. Shaale, Kasaragodu, Koduge : Ramanna Rai | કન્નડ |
| 5 | બેસ્ટ ડાયરેક્શન | ઉરી : ધ સર્જિકલ સ્ટ્રાઈક (ડાયરેક્ટર – શ્રી આદિત્ય ધાર) | હિન્દી |

### સિલ્વર લોટસ એવોર્ડ : (ઓફિશિયલ નામ - રજત કમલ એવોર્ડ)

| ક્રમ | એવોર્ડ | વિજેતા વ્યક્તિ | ફિલ્મ | ભાષા |
|---|---|---|---|---|
| 1 | બેસ્ટ એક્ટર | શ્રી આયુષ્યમાન ખુરાના | અંધાધૂંધ | હિન્દી |
| | | શ્રી વિકી કૌશલ | ઉરી : ધ સર્જિકલ સ્ટ્રાઈક | હિન્દી |
| 2 | બેસ્ટ એક્ટ્રેસ | સુશ્રી કીર્તિ સુરેશ | મહાનતિ | તેલુગુ |
| 3 | સ્પેશિયલ જ્યુરી એવોર્ડ | – | હેલ્લારો | ગુજરાતી |

### રિજનલ (પ્રાદેશિક) એવોર્ડ

| ક્રમ | એવોર્ડ | ફિલ્મ |
|---|---|---|
| 1 | બેસ્ટ ગુજરાતી ફિલ્મ | રેવા |
| 2 | બેસ્ટ હિન્દી ફિલ્મ | અંધાધૂંધ |

**નોંધ :** (1) 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2019'માં સૌથી વધુ 5 એવોર્ડ 'Nathicharami' (નથીચારામી) નામની કન્નડ ફિલ્મને મળ્યા છે.

(2) 'દાદા સાહેબ ફાળકે એવોર્ડ' વિજેતા શ્રી અમિતાભ બચ્ચન નાદુરસ્ત તબિયતને કારણે આ સમારોહમાં ઉપસ્થિત રહી શક્યા ન હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➤ ભારતમાં લાંબા ગાળાના વ્યાજ દરમાં ઘટાડો કરવા RBI દ્વારા 'ઓપરેશન ટ્વિસ્ટ' લોન્ચ

23 ડિસેમ્બર 2019ના રોજ RBI દ્વારા ભારતમાં 'Operation Twist' લોન્ચ કરવામાં આવ્યું છે.

- ભારતમાં લાંબા ગાળાના વ્યાજ દરમાં ઘટાડો કરવા માટે આ ઓપરેશન લોન્ચ કર્યું છે.
- ભારતમાં લાંબા ગાળાના વ્યાજ દર ઘટાડવા માટે 'Operation Twist'નો ઉપયોગ કરવામાં આવ્યો હોય એવી આ પ્રથમ ઘટના છે.
- આ અગાઉ અમેરિકામાં લાંબા ગાળાની લોન સસ્તી કરવા માટે અમેરિકાની સેન્ટ્રલ બેન્ક Federal Reserve દ્વારા નાણાકીય વર્ષ 2011-12માં આ ઓપરેશન લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ ઓપરેશન અંતર્ગત RBI 10 વર્ષ બાદ એટલે કે 2029ની મુદતે પાકતા લાંબા ગાળાના રૂ. 10,000 કરોડના સરકારી બોન્ડ ખરીદશે.
- અને 1 વર્ષ બાદ એટલે કે 2020ની મુદતે પાકતા ટૂંકા ગાળાના રૂ. 10,000 કરોડના બોન્ડ વેચશે.
- જેનાથી લાંબા ગાળાના બોન્ડ પર રિટર્ન ઘટશે. આ રિટર્ન બેન્કો દ્વારા આપવામાં આવેલી લોન પરનો વ્યાજ દર નક્કી કરવા માટે બેન્ચમાર્કના રૂપમાં કામ કરે છે. આથી ભારતમાં લાંબા ગાળે લોન પરના વ્યાજદરમાં ઘટાડો થવાની શક્યતા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' અથવા તો 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 22 ડિસેમ્બર (B) 23 ડિસેમ્બર (C) 24 ડિસેમ્બર (D) 25 ડિસેમ્બર **(C)**

2. 'વિશ્વ ગ્રાહક દિન' અથવા તો 'વિશ્વ ગ્રાહક અધિકાર દિન' ક્યારે ઉજવાય છે ?
(A) 24 ડિસેમ્બર (B) 15 સપ્ટેમ્બર (C) 15 જુલાઈ (D) 15 માર્ચ **(D)**

3. ભારતમાં 66મા નેશનલ ફિલ્મ એવોર્ડ 2019 એનાયત કરવા માટેનો સમારોહ ક્યાં યોજાયો હતો ?
(A) પણજી (B) પૂણે (C) મુંબઈ (D) નવી દિલ્હી **(D)**

4. 23 ડિસેમ્બર, 2019ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે યોજાયેલા સમારોહમાં કોના હસ્તે 66મા નેશનલ ફિલ્મ એવોર્ડ એનાયત થયા છે ?
(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી એમ. વેંકૈયા નાયડુ
(C) શ્રી નરેન્દ્રભાઈ મોદી (D) શ્રી અમિત શાહ **(B)**

5. રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2019માં 'બેસ્ટ ફિલ્મ'નો એવોર્ડ કઈ ફિલ્મને એનાયત થયો છે ?
(A) રેવા (B) હેલ્લારો
(C) પદ્માવત (D) ઉરી : ધ સર્જિકલ સ્ટ્રાઈક **(B)**

6. રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2019માં 'સ્પેશિયલ જ્યુરી'નો એવોર્ડ કઈ ફિલ્મને એનાયત થયો છે ?
(A) રેવા (B) હેલ્લારો
(C) પદ્માવત (D) ઉરી : ધ સર્જિકલ સ્ટ્રાઈક **(B)**

7. રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2019માં 'બેસ્ટ ગુજરાતી ફિલ્મ'નો એવોર્ડ કઈ ફિલ્મને એનાયત થયો છે ?
(A) હેલ્લારો (B) ચાલ જીવી લઈએ (C) રેવા (D) શું થયું ? **(C)**

8. 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2019'માં બેસ્ટ ફિલ્મ એવોર્ડ વિજેતા ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો'ને ગુજરાત સરકાર દ્વારા કેટલા રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવશે ?
(A) રૂ. 1 કરોડ (B) રૂ. 2 કરોડ (C) રૂ. 3 કરોડ (D) રૂ. 5 કરોડ **(B)**

9. 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2019'માં પ્રાદેશિક ફિલ્મોની કેટેગરીમાં 'બેસ્ટ ગુજરાતી ફિલ્મ'નો એવોર્ડ વિજેતા ફિલ્મ 'રેવા'ને ગુજરાત સરકાર દ્વારા કેટલા રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવશે ?
(A) રૂ. 50 લાખ (B) રૂ. 1 કરોડ (C) રૂ. 1.5 કરોડ (D) રૂ. 2 કરોડ **(B)**

10. 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2019'માં 'બેસ્ટ પોપ્યુલર ફિલ્મ'નો એવોર્ડ કઈ ફિલ્મને મળ્યો છે ?
(A) પદ્માવત (B) ઉરી : ધ સર્જિકલ સ્ટ્રાઈક
(C) અંધાધૂંધ (D) બધાઈ હો **(D)**

11. 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2019'માં સૌથી વધુ 5 એવોર્ડ જીતનાર ફિલ્મ 'Nathicharami' કઈ ભાષાની ફિલ્મ છે ?
(A) તમિલ (B) તેલુગુ (C) કન્નડ (D) ઉડિયા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**12.** તાજેતરમાં 'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર' કોને એનાયત થયો છે ? (અથવા તો વર્ષ 2018નો 'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર' કોને એનાયત થયો છે ?)

(A) શ્રી અમિતાભ બચ્ચન (B) શ્રી રજનીકાન્ત

(C) સુશ્રી જયા બચ્ચન (D) શ્રી અક્ષય કુમાર **(A)**

**13.** ભારતમાં લાંબા ગાળાના વ્યાજ દરમાં ઘટાડો કરવા માટે RBI દ્વારા કયું ઓપરેશન લોન્ચ કરવામાં આવ્યું છે?

(A) Operation Money (B) Operation Twinkle

(C) Operation Twist (D) Operation Pink **(C)**

**14.** તાજેતરમાં RBI દ્વારા ભારતમાં લોન્ચ કરવામાં આવેલા 'ઓપરેશન ટ્વિસ્ટ'નો મુખ્ય ઉદ્દેશ કયો છે ?

(A) ભારતમાં બેન્કોની NPAમાં ઘટાડો કરવો

(B) ભારતમાં ટૂંકા ગાળાના વ્યાજ દરમાં ઘટાડો કરવો

(C) ભારતમાં લાંબા ગાળાના વ્યાજ દરમાં ઘટાડો કરવો


(D) ભારતમાં કિસાનોને અપાતી કૃષિ લોનમાં વૃદ્ધિ કરવી **(C)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS




## 25 DECEMBER, 2019 WEDNESDAY

### ➢ દિવસ મહિમા : 25 ડિસેમ્બર, સુશાસન દિવસ (Good Governance Day)




ભારતમાં દર વર્ષે 25 ડિસેમ્બરના રોજ 'સુશાસન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં પૂર્વ વડાપ્રધાન **શ્રી અટલ બિહારી વાજપેઈ**ની યાદમાં તેમનો જન્મદિન 25 ડિસેમ્બર 'સુશાસન દિન' તરીકે ઉજવાય છે.
- શ્રી અટલ બિહારી વાજપેઈનો જન્મ 25 ડિસેમ્બર, 1924ના રોજ **મધ્યપ્રદેશ**ના **ગ્વાલિયર** ખાતે થયો હતો.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા વર્ષ 2014થી **'સુશાસન દિવસ'**ની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

#### શ્રી અટલ બિહારી વાજપેઈ

- તેઓ **પ્રથમ** વખત 16 મે 1996ના રોજ ભારતના વડાપ્રધાન બન્યા હતા.
- આ સમયે તેઓ **ઉત્તરપ્રદેશ**ના **લખનૌ** અને **ગુજરાત**ના **ગાંધીનગર** મતક્ષેત્રમાંથી લોકસભાના સાંસદ તરીકે ચૂંટાયા હતા.
- જોકે ત્યારબાદ તેમણે ગાંધીનગર મતક્ષેત્રમાંથી રાજીનામું આપ્યું હતું.
- શ્રી અટલ બિહારી વાજપેયીજી ભારતના 10મા વડાપ્રધાન હતા.
- શ્રી અટલ બિહારી વાજપેયીજી વડાપ્રધાન તરીકે પાંચ વર્ષની ટર્મ પૂરી કરનાર **પ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન** હતા.
- શ્રી અટલ બિહારી વાજપેયીજીએ NDA (National Democratic Alliance) નામના ગઠબંધનના વડાપ્રધાન તરીકે સેવા આપી હતી.
- NDA ગઠબંધનના તેઓ **પ્રથમ** વડાપ્રધાન હતા.
- તેઓ **લોકસભા**ના સભ્ય તરીકે 10 વખત ચૂંટાયા હતા. અને **બે વખત રાજ્યસભા**ના સાંસદ રહ્યા હતા.
- અલગ–અલગ સામાન્ય ચૂંટણીઓમાં **અલગ-અલગ ચાર રાજ્યો**માંથી **કુલ છ લોકસભા બેઠકો** પર વિજેતા બનનાર તેઓ એકમાત્ર સાંસદ હતા.
- તેઓ **ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ગુજરાત** અને **દિલ્હી**માંથી લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા.
- છેલ્લે તેઓ 2009 સુધી **ઉત્તરપ્રદેશ**ની **લખનૌ** લોકસભા બેઠકના સભ્ય હતા.
- તેમને વર્ષ 2015માં રાષ્ટ્રપતિ **શ્રી પ્રણવ મુખર્જી** દ્વારા ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર **ભારત રત્ન** એનાયત થયો હતો.

#### વડાપ્રધાન તરીકે મહત્ત્વની કામગીરી

શ્રી અટલ બિહારી વાજપેયીજીએ ભારતના વડાપ્રધાન તરીકે અનેક મહત્ત્વના કાર્યો કર્યા હતા. તેમાંથી તેમના ખૂબ જ અગત્યના કાર્યો આ પ્રમાણે છે :

#### પરમાણુ પરીક્ષણ

- તેમના નેતૃત્વ હેઠળ 11 મે, 1998ના રોજ ભારતે **રાજસ્થાન**ના **પોખરણ** ખાતેથી **'ઓપરેશન શક્તિ'** (મૂળનામ : **ઓપરેશન શક્તિ-98**) અંતર્ગત **પરમાણુ બોમ્બનું બીજું** સફળ પરીક્ષણ કર્યું હતું. આ પરમાણુ પરીક્ષણને **'પોખરણ-II'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્વર્ણિમ ચતુર્ભુજ યોજના

- ભારતના ચાર મોટા શહેરો દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ અને કોલકાતાને હાઈવે નેટવર્ક દ્વારા જોડવા માટે **'સ્વર્ણિમ ચતુર્ભુજ'** યોજનાની શરૂઆત કરી.

## દિલ્હી-લાહોર બસ સેવા

- પાકિસ્તાન સાથે સબંધો સુધારવા માટે 19 ફેબ્રુઆરી, 1999ના રોજ **'સદા-એ-સરહદ'**ના નામથી દિલ્હીથી પાકિસ્તાનના લાહોર સુધી બસ સેવાનો પ્રારંભ કર્યો.
- આ બસ સેવાનું ઉદ્દઘાટન કરીને બસના પ્રથમ યાત્રી તરીકે તેઓ જાતે જ બસમાં બેસીને દિલ્હીથી લાહોર ગયા હતા.

## કારગીલ યુદ્ધમાં વિજય

- ભારત–પાકિસ્તાન વચ્ચે થયેલા કારગીલ યુદ્ધમાં 26 જુલાઈ, 1999ના રોજ ભારતીય સેનાએ પાકિસ્તાનને પરાજય આપ્યો.

## 14 વર્ષ સુધીનાં બાળકોને મફત શિક્ષણ

- ભારતમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે **'સર્વ શિક્ષા અભિયાન'**ની શરૂઆત કરવામાં આવી.
- 2001માં શરૂ કરવામાં આવેલી આ યોજના અંતર્ગત 6 થી 14 વર્ષ સુધીના બાળકોને **મફત શિક્ષણ** આપવાની વ્યવસ્થા કરવામાં આવી.
- અને આ ઉપરાંત તેને **મૌલિક અધિકાર** બનાવવામાં આવ્યો.

## ચંદ્રયાન-1

- 15 ઓગસ્ટ, 2003ના રોજ લાલ કિલ્લા પરથી દેશને સંબોધિત કરતા શ્રી અટલ બિહારી વાજપેયીજીએ **ચંદ્રયાન-1** પ્રોજેક્ટની જાહેરાત કરી.
- આ અંતર્ગત 22 ઓક્ટોબર, 2008ના રોજ શ્રી હરિકોટા ખાતેથી **'ચંદ્રયાન-1'** લોન્ચ કરવામાં આવ્યું.

## દૂરસંચાર ક્રાંતિ

- દૂરસંચાર ક્ષેત્રે ક્રાંતિ લાવવા માટે ટેલિકોમ કંપનીઓ માટે ફિક્સ્ડ લાઈસન્સની ફી નાબૂદ કરીને **'રેવન્યુ શેરિંગ'**ની વ્યવસ્થા શરૂ કરી.
- 1 ઓક્ટોબર, 2000ના રોજ BSNLની સ્થાપના કરવામાં આવી.
- નવી ટેલિકોમ નીતિ જાહેર કરી.

## સદૈવ અટલ

25 ડિસેમ્બર, 2018ના રોજ **નવી દિલ્હી** ખાતે 'ભારત રત્ન' **શ્રી અટલ બિહારી વાજપેઈની સમાધિ 'સદૈવ અટલ'** રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી છે.

- નવી દિલ્હીમાં **રાજઘાટ** ખાતે **સ્મૃતિ સ્થળ** પર 'સદૈવ અટલ' નામનું આ સમાધિ સ્થળ બનાવવામાં આવ્યું છે.
- આ સમાધિના પ્લેટફોર્મ પર **બ્લેક ગ્રેનાઈટ પથ્થર**ના **નવ ચોરસ બોક્સ** છે. તેની મધ્યમાં **'દીવા'ની પ્રતિકૃતિ** છે.
- આ નવ નંબર નવરાસ, નવરાત્ર અને નવગ્રહનું પ્રતિનિધિત્વ કરે છે.
- આ સમાધિનું નિર્માણ રૂ. 10.51 કરોડના ખર્ચે **'અટલ સ્મૃતિ ન્યાસ સોસાયટી'** દ્વારા કરાવવામાં આવ્યું છે.
- આ સમાધિના નિર્માણ માટે દેશના વિવિધ ભાગોમાંથી લાવવામાં આવેલા પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- જેમાં સમાધિનો **મુખ્ય પથ્થર તેલંગણા**ની **ખમ્મમ**ની પ્રસિદ્ધ ખાણમાંથી લાવવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભારતે QRSAM મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું

23 ડિસેમ્બર 2019ના રોજ **DRDO** દ્વારા **QRSAM મિસાઈલ**નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- ભારતમાં **ઓડિશા**ના **ચાંદીપુર**ના **અબ્દુલ કલામ આઈલેન્ડ** પર આવેલ **ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ** પરથી આ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### QRSAM મિસાઈલ

**QRSAM**નું પૂરું નામ **'Quick Reaction Surface to Air Missile'** છે.

- QRSAM એ **જમીન પરથી હવામાં (Surface to Air)** પ્રહાર કરવાની ક્ષમતા ધરાવતી મિસાઈલ છે.
- તેની પ્રહાર ક્ષમતા **25થી 30 કિલોમીટર** સુધીની છે.
- તે વિવિધ રેન્જ તથા ઊંચાઈ પર રહેલા લક્ષ્યને સચોટ રીતે ભેદી શકે છે.
- આ મિસાઈલને **ટ્રક** પર પણ ગોઠવી શકાય છે. અને તે ખૂબ જ ઓછા સમયમાં દુશ્મન ટાર્ગેટને ટ્રેક કરીને તેને તોડી પાડવા માટે સક્ષમ છે.
- **DRDO** દ્વારા ભારતીય સેના માટે વિકસાવવામાં આવેલી આ મિસાઈલના આ અગાઉ પણ અનેક પરીક્ષણ થઈ ચૂક્યા છે.

### DRDO

DRDOનું પૂરું નામ **'Defence Research and Development Organisation' (સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા)** છે.

- તેની સ્થાપના **1958**ના રોજ થઈ હતી.
- તેનું વડુંમથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- તેનો Motto (ધ્યેય વાક્ય) **'બલસ્ય મૂલં વિજ્ઞાનમ્'** છે.
- DRDOએ ભારતમાં સંરક્ષણ સંબંધિત સંશોધન માટેની એક અગ્રણી સંસ્થા છે.
- તે ભારતના **સંરક્ષણ મંત્રાલય**ના એક અભિન્ન અંગ તરીકે કાર્ય કરે છે.

**નોંધ :** DRDOના વર્તમાન (25 ડિસેમ્બર, 2019ની સ્થિતિએ) અધ્યક્ષ **શ્રી જી. સતીશ રેડ્ડી** છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE ? Questions

1. ભારતમાં 'સુશાસન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 23 ડિસેમ્બર (B) 24 ડિસેમ્બર (C) 25 ડિસેમ્બર (D) 26 ડિસેમ્બર **(C)**

2. ભારતમાં કોનો જન્મ દિવસ 'સુશાસન દિન' તરીકે ઉજવાય છે ?
(A) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી (B) શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક
(C) શ્રી મોરારજી દેસાઈ (D) શ્રી અટલ બિહારી વાજપેઈ **(D)**

3. ભારતમાં શ્રી અટલ બિહારી વાજપેઈના જન્મ દિવસને 'સુશાસન દિવસ' તરીકે ઉજવવાનો પ્રારંભ ક્યારથી થયો હતો ?
(A) 2013 (B) 2014 (C) 2015 (D) 2016 **(B)**

4. ભારતમાં નવી દિલ્હીમાં રાજઘાટ ખાતે સ્મૃતિ સ્થળ પર આવેલી શ્રી અટલ બિહારી વાજપેઈની સમાધિનું નામ શું છે ?
(A) અટલ ઘાટ (B) અટલ સ્મૃતિ (C) સદૈવ અટલ (D) અમર અટલ **(C)**

5. 23 ડિસેમ્બર 2019ના રોજ ભારતે QRSAM મિસાઈલનું ક્યાંથી સફળ પરીક્ષણ કર્યું છે ?
(A) ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ, અબ્દુલ કલામ આઈલેન્ડ, ચાંદીપુર, આંધ્રપ્રદેશ
(B) ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ, અબ્દુલ કલામ આઈલેન્ડ, ચાંદીપુર, ઓડિશા
(C) સતીશ ધવન સ્પેસ સેન્ટર, શ્રી હરિકોટા, આંધ્રપ્રદેશ
(D) સતીશ ધવન સ્પેસ સેન્ટર, શ્રી હરિકોટા, તમિલનાડુ **(B)**

6. ભારતે QRSAM મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે...QRSAMની પ્રહાર ક્ષમતા કયા પ્રકારની છે ?
(A) જમીનથી જમીન (Surface to Surface) (B) જમીનથી પાણી (Surface to Water)
(C) જમીનથી હવા (Surface to Air) (D) હવાથી હવા (Air to Surface) **(C)**

7. QRSAMનું પૂરું નામ શું છે ?
(A) Quick Reaction Surface to Air Missile
(B) Quikr Reaction Surface to Air Missile
(C) Quite Reaction Surface to Air Missile
(D) Quikr Rotation Surface to Air Missile **(A)**

8. ભારતના નવા વિદેશ સચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી હર્ષવર્ધન શૃંગ (B) શ્રી હર્ષવર્ધન શૃંગલા
(C) શ્રી હર્ષવર્ધન બ્રહ્મભટ્ટ (D) શ્રી હર્ષવર્ધન ભટ્ટ **(B)**

9. ભારતના નવા વિદેશ સચિવ તરીકે શ્રી હર્ષવર્ધન શૃંગલાની કોના સ્થાને નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી વિજય અરોરા (B) શ્રી વિજય ચોપરા
(C) શ્રી વિજય ગોયંકા (D) શ્રી વિજય ગોખલે **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 26 DECEMBER, 2019 THURSDAY

### ➤ ગુજરાતમાં વડોદરા ખાતેથી કમોસમી વરસાદથી નુકસાન સહાયનો રાજ્યવ્યાપી પ્રારંભ




25 ડિસેમ્બર, 2019ને 'સુશાસન દિવસ' નિમિત્તે ગુજરાતમાં વડોદરા ખાતે પાંચ જિલ્લાઓના વિશાળ 'સુશાસન કિસાન સંમેલન'નું આયોજન થયું હતું.

- આ સંમેલનમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કમોસમી વરસાદથી ખેડૂતોના પાકને થયેલ નુકસાન સહાય પેકેજનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો.
- 15 ઓક્ટોબરથી 20 નવેમ્બર 2019 દરમિયાન ગુજરાતમાં થયેલા કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલા નુકસાન માટે ગુજરાત સરકારે ઐતિહાસિક રૂ. 3,795 કરોડના સહાય પેકેજની આ અગાઉ જાહેરાત કરી હતી.
- આ સહાય ચૂકવવાનો વડોદરા ખાતેથી રાજ્યવ્યાપી પ્રારંભ થઈ ગયો છે.
- આ અંતર્ગત ગુજરાતમાં 1 ઈંચથી વધુ કમોસમી વરસાદ થયો હોય તેવા વિસ્તારોમાં ખેડૂતોને હેક્ટર દીઠ રૂ. 6800ની સહાય વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં ચૂકવવામાં આવશે.
- જ્યારે ગુજરાતમાં છૂટો છવાયો અને 1 ઈંચથી ઓછો કમોસમી વરસાદ થયો હોય તેવા અને જ્યાં બિલકુલ નુકસાન ન થયું હોય તેવા વિસ્તારના ખેડૂતોને પણ પ્રતિ ખાતેદાર ઉચ્ચક રૂ. 4000 સહાય ચૂકવવામાં આવશે.

### વડોદરા જિલ્લાના ચિખોદરા ખાતે નવનિર્મિત જળ શુદ્ધિકરણ પ્લાન્ટનું ઈ-લોન્ચિંગ

ગુજરાતમાં વડોદરા જિલ્લાના વડોદરા તાલુકાના ચિખોદરા ગામે પ્રાયોગિક ધોરણે વપરાશી ગંદા પાણીને શુદ્ધ કરીને તેને ફરીથી વપરાશમાં લેવા માટે 'બાયો ફિલ્ટર મલીન જળ શુદ્ધિકરણ પ્લાન્ટ'ની સ્થાપના કરવામાં આવી છે.

- ગુજરાતના કોઈ નાનકડા ગામમાં સ્થપાયેલો આ પ્રકારનો આ કદાચ પ્રથમ પ્લાન્ટ છે.
- 25 ડિસેમ્બર, 2019ને 'સુશાસન દિવસ' નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ચિખોદરા ખાતે સ્થપાયેલા આ પ્લાન્ટનું ઈ-લોન્ચિંગ કર્યું હતું.

### અટલ બિહારી વાજપેઈ સ્ટડીઝ ભવનનું લોકાર્પણ

ગુજરાતમાં વડોદરા ખાતે આવેલી M. S. યુનિવર્સિટીમાં રૂ. 4 કરોડના ખર્ચે ઈન્સ્ટિટ્યુટ ઓફ પોલિસી રિસર્ચ એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડિઝ ભવનની સ્થાપના કરવામાં આવી છે.

- ગુજરાતના વડોદરાની M.S. યુનિવર્સિટીમાં સ્થપાયેલું આ ભવન આ પ્રકારનું ભારતનું ચોથું અને ગુજરાતનું પ્રથમ ભવન છે.
- આ ભવનને શ્રી અટલ બિહારી વાજપેઈના નામ પરથી 'ભારત રત્ન અટલ બિહારી વાજપેઈ ઈન્સ્ટિટ્યુટ ઓફ પોલિસી રિસર્ચ એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડિઝ ભવન' નામ આપવામાં આવ્યું છે.
- જેનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ લોકાર્પણ કર્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ શ્રી અટલ બિહારી વાજપેઈની જન્મજયંતી નિમિત્તે ભારતમાં 'અટલ ભૂજળ યોજના' લોન્ચ



25 ડિસેમ્બર, 2019ને ભારતના પૂર્વ વડાપ્રધાન **શ્રી અટલ બિહારી વાજપેઈ**ની જન્મજયંતી નિમિત્તે ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ ભારતમાં **'અટલ ભૂજળ યોજના'** લોન્ચ કરી છે.

- ભારતમાં **નવી દિલ્હી**ના **વિજ્ઞાન ભવન**માં યોજાયેલા એક સમારોહમાં આ યોજના લોન્ચ કરવામાં આવી હતી.
- આ યોજના **'અટલ જલ'** તરીકે પણ ઓળખાય છે.

### અટલ ભૂજળ યોજનાનો ઉદ્દેશ

'અટલ ભૂજળ યોજના'નો મુખ્ય ઉદ્દેશ **ભારતમાં ભૂગર્ભ જળનું પ્રમાણ વધારીને તેનું સ્તર ઉંચુ લાવવાનો છે.**

- આથી, ભારતમાં ઓછું ભૂગર્ભ જળ ધરાવતા તેમજ જ્યાં ઝડપથી ભૂગર્ભ જળ નીચું જઈ રહ્યું છે તેવા વિસ્તારોમાં **ભૂગર્ભ જળનું પ્રમાણ વધારીને તેનું સ્તર ઉંચુ લાવવા માટે** ભૂગર્ભ જળના શ્રેષ્ઠ સંચાલન માટે આ યોજના લોન્ચ કરવામાં આવી છે.

### ભારતના કયા વિસ્તારમાં આ યોજના લોન્ચ કરવામાં આવી છે ?

ભારતમાં **ગુજરાત, હરિયાણા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને કર્ણાટક** એમ કુલ **7 રાજ્યો**ના **78 જિલ્લાઓ**ના ઓછું ભૂગર્ભ જળ ધરાવતા **8350 ગામો**માં આ યોજના લોન્ચ કરવામાં આવી છે.

### આ યોજના અંતર્ગત ખર્ચ

આ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ **2020-21થી 2024-25** સુધીના **5 વર્ષ** દરમિયાન **રૂ. 6000 કરોડ**નો ખર્ચ કરવામાં આવશે.

- જેમાંથી **50 ટકા** રકમની એટલે કે **રૂ. 3000 કરોડ**ની **વર્લ્ડ બેન્ક** પાસેથી લોન લેવામાં આવશે.
- અને લોનની રકમની ચૂકવણી **કેન્દ્ર સરકાર** દ્વારા કરવામાં આવશે.
- બાકીની 50 ટકા રકમ નિયમિત બજેટ દ્વારા **કેન્દ્ર સરકાર** ચૂકવશે.

### યોજના અંતર્ગત કામગીરી

આ યોજના અંતર્ગત પસંદ કરવામાં આવેલા વિસ્તારોમાં ભૂગર્ભ જળના સ્તરને ઉંચુ લાવવા માટે શક્ય હોય એટલા તમામ પ્રયાસો કરવામાં આવશે.

- આ માટે **શ્રેષ્ઠ કામગીરી કરનાર ગ્રામ પંચાયતોને વધારે રકમ આપવામાં આવશે** કે જેથી તેઓ વધુ સારું કાર્ય કરી શકે.
- પ્રોત્સાહન ઉપરાંત આ યોજના અંતર્ગત વોટર બજેટિંગ, ભૂગર્ભ જળની માહિતીઓની દેખરેખ અને તેનું વિતરણ, 'વોટર યુઝર એસોસિએશન'નું નિર્માણ, ગ્રામ પંચાયત સ્તરે જળ સુરક્ષા યોજનાઓનું નિર્માણ અને તેનું અમલીકરણ વગેરે બાબતો પર કામગીરી કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ભારત સરકારના કયા વિભાગ અંતર્ગત આ યોજના લૉન્ચ કરવામાં આવી છે ?**

ભારતમાં કેન્દ્ર સરકારના જળ શક્તિ મંત્રાલયના જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ વિભાગ અંતર્ગત આ યોજના લૉન્ચ કરવામાં આવી છે.

**નોંધ :** ભારતમાં વર્ષ 2024 સુધીમાં ભારતના તમામ ઘરોમાં પાઈપ દ્વારા પાણી પહોંચાડવા માટે 'જળ જીવન મિશન' નામની યોજના પણ આ અગાઉ લૉન્ચ કરવામાં આવી છે.

## ➤ 3000 મીટરથી વધુ ઊંચાઈ પર આવેલી વિશ્વની સૌથી લાંબી રોહતાંગ ટનલ હવે 'અટલ ટનલ' તરીકે ઓળખાશે

ભારતમાં હિમાચલ પ્રદેશના મનાલી અને કેન્દ્ર શાસિત પ્રદેશ લદાખના લેહ વચ્ચે રોહતાંગ ઘાટ (Rohtang Pass)માં એક ટનલનું નિર્માણ કાર્ય હાલ ચાલુ છે.

- મનાલી અને લેહને જોડતી આ ટનલની લંબાઈ 8.8 કિમી છે.
- જે સમુદ્ર સપાટીથી 3000 મીટરથી વધુ ઊંચાઈ પર આવેલી વિશ્વની સૌથી લાંબી ટનલ છે.
- આ ટનલથી મનાલી અને લેહ વચ્ચેના અંતરમાં 46 કિમીનો ઘટાડો થશે. જેથી પરિવહન ખર્ચમાં કરોડો રૂપિયાની બચત થશે.
- આ ઉપરાંત આ ટનલના નિર્માણથી હિમાચલ પ્રદેશ અને લદાખના અંતરિયાળ વિસ્તારોમાં બારે માસ રોડ કનેક્ટીવિટી ઉપલબ્ધ થશે. આ અગાઉ શીયાળામાં લગભગ 6 મહિના સુધી આ વિસ્તારોનો સંપર્ક દેશના અન્ય ભાગોથી કપાઈ જતો હતો.
- 25 ડિસેમ્બર, 2019ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે યોજાયેલા એક સમારોહમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ ટનલને 'અટલ ટનલ' નામ આપ્યું છે.
- ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈએ 3 જૂન 2000ના રોજ આ ટનલ બનાવવાનો નિર્ણય કર્યો હતો.
- આથી, શ્રી અટલ બિહારી વાજપેઈના નામ પરથી આ ટનલને 'અટલ ટનલ' નામ આપવામાં આવ્યું છે.

**નોંધ :** (1) આ ટનલ 2020માં કાર્યરત થવાની શક્યતા છે.
(2) ભારતમાં રોહતાંગ ઘાટ હિમાલયની પીર પંજાલ શ્રેણીમાં આવેલો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ ઉત્તરપ્રદેશના લખનૌમાં અટલ બિહારી વાજપેઈ મેડિકલ યુનિવર્સિટીનો શિલાન્યાસ

25 ડિસેમ્બર, 2019ને શ્રી અટલ બિહારી વાજપેઈની જન્મજયંતી નિમિત્તે ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **ઉત્તરપ્રદેશના લખનૌમાં અટલ બિહારી વાજપેઈ મેડિકલ યુનિવર્સિટીનો** શિલાન્યાસ કર્યો છે.

- આ યુનિવર્સિટીના નિર્માણથી ઉત્તરપ્રદેશમાં મેડિકલ શિક્ષણની ગુણવત્તામાં સુધારો થશે.

## ➤ ઉત્તરપ્રદેશના લખનૌમાં શ્રી અટલ બિહારી વાજપેઈની 25 ફૂટ ઉંચી પ્રતિમાનું અનાવરણ

25 ડિસેમ્બર, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **ઉત્તરપ્રદેશ**ના **લખનૌ** ખાતે આવેલા **લોક ભવન**ના પ્રાંગણમાં **શ્રી અટલ બિહારી વાજપેઈની પ્રતિમાનું** અનાવરણ કર્યું છે.

- **25 ફૂટ** ઊંચાઈ અને 5 ટન વજનની આ પ્રતિમા **Bronze** એટલે કે **કાંસા**ની બનેલી છે.
- આ સ્ટેચ્યુનું નિર્માણ **રાજસ્થાન**ના **જયપુર**માં આવેલી **શ્રી રાજકુમાર પંડિત**ની કંપની દ્વારા કરવામાં આવ્યું છે.

**નોંધ :** (1) આ પ્રતિમાનું નિર્માણ ઉત્તરપ્રદેશના સંસ્કૃતિ વિભાગ દ્વારા રૂ. 89 લાખના ખર્ચે કરાવવામાં આવ્યું છે.
(2) ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી **શ્રી યોગી આદિત્યનાથનું કાર્યાલય** ઉત્તરપ્રદેશમાં **લખનૌ**ના **લોક ભવન** ખાતે આવેલું છે. જ્યાં આ પ્રતિમાનું નિર્માણ કરવામાં આવ્યું છે.

## ICE Questions

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 25 ડિસેમ્બર, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કઈ જગ્યાએ યોજાયેલા 'સુશાસન કિસાન સંમેલન'માં કમોસમી વરસાદથી ખેડૂતોને નુકસાન સહાયનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો ?
(A) રાજકોટ (B) સુરેન્દ્રનગર (C) વડોદરા (D) ભાવનગર — **(C)**

2. 15 ઓક્ટોબરથી 20 નવેમ્બર 2019 દરમિયાન ગુજરાતમાં થયેલા કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલા નુકસાન માટે ગુજરાત સરકારે કુલ કેટલા કરોડ રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરી છે ?
(A) 3,295 (B) 3,495 (C) 3,695 (D) 3,795 — **(D)**

3. ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં 1 ઈંચથી વધુ કમોસમી વરસાદ વાળા વિસ્તારોમાં ખેડૂતોને હેક્ટર દીઠ કેટલી સહાય ચૂકવવામાં આવી રહી છે ?
(A) 6,300 (B) 6,500 (C) 6,600 (D) 6,800 — **(D)**

4. ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં એક ઈંચથી વધુ કમોસમી વરસાદ વાળા વિસ્તારોમાં ખેડૂતોને કેટલા હેક્ટરની મર્યાદામાં હેક્ટર દીઠ રૂ. 6800 સહાય ચૂકવવામાં આવી રહી છે ?
(A) 1.5 (B) 2 (C) 3 (D) 4 — **(B)**

5. ગુજરાતમાં 1 ઈંચથી ઓછો કમોસમી વરસાદ થયો હોય તેવા વિસ્તારોમાં અથવા તો જ્યાં ખેડૂતોને બિલકુલ નુકસાન ન થયું હોય તેવા વિસ્તારોમાં ગુજરાત સરકાર દ્વારા ખાતેદાર દીઠ ઉચ્ચક કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવી રહી છે ?
(A) 4,000 (B) 5,000 (C) 6,000 (D) 6,800 — **(A)**

6. 25 ડિસેમ્બર, 2019ના રોજ 'સુશાસન દિવસ' નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા ગામમાં નિર્માણ પામેલા વપરાશી ગંદા પાણીને શુદ્ધ કરીને તેને ફરીથી ઉપયોગમાં લેવા માટેના 'વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ'નું અથવા તો 'બાયો ફિલ્ટર મલીન જળ શુદ્ધિકરણ પ્લાન્ટ'નું ઈ-લોન્ચિંગ કર્યું છે ?
(A) ચિલોડા (B) ચિખોદરા (C) ચાપડ (D) ચોરવાડ **(B)**

7. 25 ડિસેમ્બર, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની કઈ યુનિવર્સિટીમાં અથવા તો કયા શહેરમાં 'ભારત રત્ન અટલ બિહારી વાજપેઈ ઈન્સ્ટિટયુટ ઓફ પોલિસી રિસર્ચ એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડિઝ ભવન'નું લોકાર્પણ કર્યું છે ?
(A) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ (B) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
(C) એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા (D) હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી, પાટણ **(C)**

8. 25 ડિસેમ્બર, 2019ના રોજ શ્રી અટલ બિહારી વાજપેઈજીની જન્મજયંતી નિમિત્તે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જળ અંગેની કઈ યોજના લોન્ચ કરી છે ?
(A) અટલ જળ યોજના અથવા અટલ જલ (B) અટલ ભૂજળ યોજના અથવા અટલ જલ
(C) અટલ જળ મિશન યોજના અથવા અટલ જલ (D) અટલ જળ જીવન યોજના અથવા અટલ જલ **(B)**

9. 25 ડિસેમ્બર, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં ક્યાંથી 'અટલ ભૂજળ યોજના' લોન્ચ કરી છે ?
(A) નવી દિલ્હી (B) લખનૌ (C) બરેલી (D) વારાણસી **(A)**

10. 'અટલ ભૂજળ યોજના'નો મુખ્ય ઉદ્દેશ શું છે ?
(A) ખેડૂતોને ખેતર સુધી પાણી પહોંચાડવું
(B) વર્ષ 2024 સુધીમાં દરેક ઘરમાં નળ દ્વારા પાણી પહોંચાડવું
(C) ખેડૂત દીઠ એક ભૂગર્ભ કૂવાનું નિર્માણ કરવું
(D) ભૂગર્ભ જળ સ્તર ઉંચું લાવવું **(D)**

11. ભારતના કેટલા રાજ્યોના કેટલા જિલ્લાઓમાં 'અટલ ભૂજળ યોજના' લોન્ચ કરવામાં આવી છે ?
(A) 7 રાજ્યોના 68 જિલ્લાઓમાં (B) 7 રાજ્યોના 78 જિલ્લાઓમાં
(C) 7 રાજ્યોના 88 જિલ્લાઓમાં (D) 7 રાજ્યોના 98 જિલ્લાઓમાં **(B)**

12. ભારતના સાત રાજ્યોમાં 'અટલ ભૂજળ યોજના' લોન્ચ કરવામાં આવી છે...આ સાત રાજ્યોમાં નીચેનામાંથી કયા રાજ્યનો સમાવેશ થતો નથી ?
(A) હરિયાણા (B) મધ્યપ્રદેશ (C) મહારાષ્ટ્ર (D) હિમાચલ પ્રદેશ **(D)**

13. 'અટલ ભૂજળ યોજના' અંતર્ગત નાણાકીય વર્ષ 2020-21થી 2024-25 સુધીના 5 વર્ષ દરમિયાન કેટલો ખર્ચ કરવામાં આવશે ?
(A) રૂ. 4000 કરોડ (B) રૂ. 6000 કરોડ (C) રૂ. 8000 કરોડ (D) રૂ. 10000 કરોડ **(B)**

14. 25 ડિસેમ્બર, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં નિર્માણાધિન રોહતાંગ ટનલને કયું નામ આપ્યું છે ?
(A) રોહતાંગ ટનલ (B) લદાખ ટનલ (C) હિમાચલ ટનલ (D) અટલ ટનલ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**15.** ‘રોહતાંગ ટનલ’ અથવા તો ‘અટલ ટનલ’ ભારતના કયા બે શહેરોને જોડશે ?
(A) મનાલી - જમ્મુ (B) મનાલી - શ્રીનગર (C) મનાલી - લેહ (D) મનાલી - કારગીલ **(C)**

**16.** ‘અટલ ટનલ’ ભારતના કયા બે ક્ષેત્રોને જોડશે ?
(A) હરિયાણા - લદાખ (B) હરિયાણા - જમ્મુ કાશ્મીર
(C) હિમાચલ પ્રદેશ - લદાખ (D) ઉત્તરાખંડ - લદાખ **(C)**

**17.** ‘અટલ ટનલ’ સમુદ્ર સપાટીથી 3000 મીટરથી વધુ ઊંચાઈ પર આવેલી વિશ્વની સૌથી લાંબી ટનલ છે... તેની લંબાઈ કેટલા કિલોમીટર છે ?
(A) 6.6 (B) 7.7 (C) 8.8 (D) 9.9 **(C)**

**18.** 25 ડિસેમ્બર, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના કયા શહેરમાં નિર્માણ પામનાર ‘અટલ બિહારી વાજપેઈ મેડિકલ યુનિવર્સિટી’નો શિલાન્યાસ કર્યો છે ?
(A) લખનૌ (B) વારાણસી (C) અયોધ્યા (D) પટના **(A)**

**19.** 25 ડિસેમ્બર, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના કયા શહેરના લોકભવનના પ્રાંગણમાં શ્રી અટલ બિહારી વાજપેઈજીની 25 ફૂટ ઉંચી પ્રતિમાનું અનાવરણ કર્યું છે ?
(A) લખનૌ (B) વારાણસી (C) અયોધ્યા (D) પટના **(A)**

## 27 DECEMBER, 2019 FRIDAY

### ➤ કેન્દ્ર સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલા પ્રથમ ‘Good Governance Index’માં ગુજરાત છઠ્ઠા ક્રમે



25 ડિસેમ્બર, 2019ને **‘સુશાસન દિવસ’ (Good Governance Day)**ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાં **પ્રથમ ‘ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ’** લોન્ચ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં **ઓવર ઓલ રેન્કિંગ**માં **ગુજરાત છઠ્ઠા** ક્રમે છે.
- આ ઈન્ડેક્સમાં ભારતના રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોને ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યા છે :
  (1) **ભારતના મોટા રાજ્યો**
  (2) **ભારતના ઉત્તર પૂર્વના અને પર્વતીય રાજ્યો**
  (3) **ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશો**
- આ ત્રણમાંથી **ભારતના મોટા રાજ્યો**માં **ગુજરાત છઠ્ઠા** ક્રમે છે.
- આ ઈન્ડેક્સમાં ભારતના મોટા રાજ્યોમાં **તમિલનાડુ પ્રથમ** ક્રમે છે.
- **તમિલનાડુ** બાદ **મહારાષ્ટ્ર બીજા** અને **કર્ણાટક ત્રીજા** ક્રમે છે.
- જ્યારે **ઝારખંડ અંતિમ 18મા** ક્રમે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Good Governance Indexમાં ભારતના મોટા રાજ્યોનો Rank

| Rank | Big States |
|---|---|
| 1 | તમિલનાડુ |
| 2 | મહારાષ્ટ્ર |
| 3 | કર્ણાટક |
| 4 | છત્તીસગઢ |
| 5 | આંધ્રપ્રદેશ |
| 6 | ગુજરાત |
| 16 | ગોવા |
| 17 | ઉત્તરપ્રદેશ |
| 18 | ઝારખંડ |

આ ઈન્ડેક્સમાં ભારતના **ઉત્તર પૂર્વના અને પર્વતીય રાજ્યો**માં **હિમાચલ પ્રદેશ પ્રથમ** ક્રમે છે.

- જ્યારે **અરૂણાચલ પ્રદેશ અંતિમ 11મા** ક્રમે છે.

## Good Governance Indexમાં ઉત્તર પૂર્વના અને પર્વતીય રાજ્યોનો Rank

| Rank | NE & Hill States |
|---|---|
| 1 | હિમાચલ પ્રદેશ |
| 2 | ઉત્તરાખંડ |
| 3 | ત્રિપુરા |
| 11 | અરૂણાચલ પ્રદેશ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

આ ઈન્ડેક્સમાં ભારતના **કેન્દ્ર શાસિત પ્રદેશો**માં **પુડુચેરી પ્રથમ** ક્રમે છે.

- જ્યારે **લક્ષદ્વીપ અંતિમ 7મા** ક્રમે છે.

## Good Governance Indexમાં ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોનો Rank

| Rank | UTs |
|---|---|
| 1 | પુડુચેરી |
| 2 | ચંદીગઢ |
| 3 | દિલ્હી |
| 7 | લક્ષદ્વીપ |

કૃષિ, ઉદ્યોગ અને વ્યાપાર, માનવ સંસાધન વિકાસ, જાહેર આરોગ્ય, જાહેર માળખાકીય સુવિધાઓ અને તેની ઉપયોગિતા, ઈકોનોમિક ગવર્નન્સ, સમાજ કલ્યાણ અને વિકાસ, ન્યાયિક અને જાહેર સુરક્ષા, પર્યાવરણ ઉપરાંત નાગરિક કેન્દ્રીત શાસન એમ કુલ **10 ક્ષેત્રો અને ઈન્ડીકેટર્સ**ને આધારે આ ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવ્યો છે.

- જેમાંથી **જાહેર માળખાકીય સુવિધાઓ** અંગેના રેન્કિંગમાં **ગુજરાત તમિલનાડુ** બાદ **બીજા** ક્રમે છે.
- જ્યારે **ઈકોનોમિક ગવર્નન્સ**માં ગુજરાત **ચોથા** ક્રમે અને **ઉદ્યોગ તથા વ્યાપાર**માં ગુજરાત **5મા** ક્રમે છે.
- આ ઉપરાંત અન્ય ક્ષેત્રોના રેન્કિંગમાં ગુજરાત ટોપ ફાઈવથી પાછળના ક્રમે છે.

**નોંધ :** (1) ભારતમાં કેન્દ્ર સરકારના Department of Administrative Reforms & Public Grievances (વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ વિભાગ) તથા Centre for Good Governance દ્વારા આ ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવ્યો છે.

(2) નવી દિલ્હી ખાતે યોજાયેલા એક સમારોહમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આ ઈન્ડેક્સ લોન્ચ કર્યો હતો.

## ICE Questions

1. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા પ્રસિદ્ધ થયેલા 'ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ'માં ભારતના મોટા રાજ્યોમાં ગુજરાત કયા ક્રમે છે ?
(A) બીજા (B) ચોથા (C) છઠ્ઠા (D) સાતમા **(C)**

2. 'ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ'માં ભારતના મોટા રાજ્યોમાં કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?
(A) મહારાષ્ટ્ર (B) કર્ણાટક (C) આંધ્રપ્રદેશ (D) તમિલનાડુ **(D)**

3. ભારતમાં કેન્દ્ર સરકારના 'ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ'માં ભારતના મોટા રાજ્યોમાં અંતિમ 18મા ક્રમે કયું રાજ્ય છે ?
(A) છત્તીસગઢ (B) ઉત્તરપ્રદેશ (C) ગોવા (D) ઝારખંડ **(D)**

4. કેન્દ્ર સરકારે પ્રસિદ્ધ કરેલા 'ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ'માં ભારતના ઉત્તર પૂર્વના તથા પર્વતીય રાજ્યોમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?
(A) હિમાચલ પ્રદેશ (B) ઉત્તરાખંડ (C) ત્રિપુરા (D) મણિપુર **(A)**

5. કેન્દ્ર સરકારે પ્રસિદ્ધ કરેલા 'ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ'માં ભારતના ઉત્તર પૂર્વના તથા પર્વતીય રાજ્યોમાં અંતિમ 11મા ક્રમે કયું રાજ્ય છે ?
(A) ત્રિપુરા (B) મેઘાલય (C) અરૂણાચલ પ્રદેશ (D) મણિપુર **(C)**

6. કેન્દ્ર સરકારના 'ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ'માં કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પ્રથમ ક્રમે કયો પ્રદેશ છે ?
(A) પુડુચેરી (B) ચંદીગઢ (C) દિલ્હી (D) લક્ષદ્વીપ **(A)**

7. ભારતમાં કેન્દ્ર સરકારના વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ વિભાગ તેમજ સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ દ્વારા તાજેતરમાં કેટલામો 'ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે ?
(A) પ્રથમ (B) બીજો (C) ત્રીજો (D) ચોથો **(A)**

8. કેન્દ્ર સરકારના 'ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ'માં કુલ કેટલા ક્ષેત્રો અથવા તો ઈન્ડીકેટર્સને આધારે વિવિધ રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોને રેન્ક આપવામાં આવ્યા છે ?
(A) 5 (B) 8 (C) 10 (D) 15 **(C)**

9. 25 ડિસેમ્બર, 2019ને 'ગુડ ગવર્નન્સ ડે'ના રોજ ભારતમાં કોના દ્વારા 'ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ' લોન્ચ કરવામાં આવ્યો છે ?
(A) ડૉ. હર્ષવર્ધન (B) શ્રી પિયૂષ ગોયેલ (C) ડૉ. જીતેન્દ્ર સિંહ (D) શ્રી એમ. વેંકૈયા નાયડુ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**28 DECEMBER, 2019 SATURDAY**

## ➤ કારગીલ યુદ્ધમાં મહત્ત્વની ભૂમિકા નીભાવનાર MiG-27 વિમાન ભારતીય વાયુસેનામાંથી નિવૃત્ત

27 ડિસેમ્બર, 2019ના રોજ ભારતીય વાયુસેનાના મહત્ત્વના યુદ્ધ વિમાન **મિગ-27**ની છેલ્લી સ્ક્વોડ્રને **રાજસ્થાન**ના **જોધપુર એર બેઝ** ખાતેથી તેની અંતિમ ઉડાન ભરી હતી.

- આ ઉડાન બાદ **'મિગ-27'** વિમાન ભારતીય વાયુસેનામાંથી નિવૃત્ત થઈ ગયા છે.
- **'બહાદુર'**ના હુલામણા નામથી ઓળખાતા 'મિગ-27' યુદ્ધ વિમાનોએ **1999ના કારગીલ યુદ્ધ**માં ખૂબ જ મહત્ત્વની ભૂમિકા નીભાવી હતી.
- 1999ના કારગીલ યુદ્ધમાં મહત્ત્વની ભૂમિકાને કારણે જ આ વિમાનોને **'બહાદુર'** નામ આપવામાં આવ્યું હતું.
- આ યુદ્ધ વિમાનને **1985**માં ભારતીય એર ફોર્સમાં સામેલ કરવામાં આવ્યું હતું.
- **રશિયા**ની **મિકોયાન ગુરવિચ** નામની કંપની દ્વારા આ વિમાનનું નિર્માણ કરવામાં આવ્યું હતું.
- ભારતમાં આ વિમાનના નિર્માણ માટે **હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)**ને લાઈસન્સ આપવામાં આવ્યું હતું.

**નોંધ :** (1) **ભારત** ઉપરાંત **રશિયા, યુક્રેન અને શ્રીલંકા**ની વાયુસેના દ્વારા આ વિમાનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(2) મિગ-27 વિમાનની ભારતની અંતિમ સ્ક્વોડ્રનનું નામ **સ્કોર્પિયન 29** છે. આ સ્ક્વોડ્રનમાં **સાત** વિમાનોનો સમાવેશ થાય છે.

(3) મિગ-27 વિમાને **20 ઓગસ્ટ 1970**ના રોજ તેની પ્રથમ ઉડાન ભરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ ઉત્તરપ્રદેશના ફાજિલનગરમાં ભારતની પ્રથમ ટ્રાન્સજેન્ડર યુનિવર્સિટી સ્થપાશે

ભારતમાં **ઉત્તરપ્રદેશ**ના **કુશીનગર** જિલ્લાના **ફાજિલનગર** નામના બ્લોકમાં **ભારતની પ્રથમ ટ્રાન્સજેન્ડર યુનિવર્સિટી** સ્થપાશે.

- આ યુનિવર્સિટીનું નિર્માણ કાર્ય હાલ ચાલુ છે.
- **અખિલ ભારતીય કિન્નર શિક્ષણ સેવા ટ્રસ્ટ** દ્વારા આ યુનિવર્સિટીનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.
- આ યુનિવર્સિટીમાં ટ્રાન્સજેન્ડર સમુદાયના લોકો ધોરણ 1થી પીએચડી સુધીનું શિક્ષણ મેળવી શકશે.

## ➤ રશિયાએ વિશ્વની પ્રથમ હાઈપરસોનિક મિસાઈલ 'અવનગાર્ડ'ને સેનામાં સામેલ કરી

**રશિયાએ વિશ્વની પ્રથમ હાઈપરસોનિક મિસાઈલ**ને પોતાની સેનામાં સામેલ કરી દીધી છે.

- વિશ્વની આ પ્રથમ હાઈપરસોનિક મિસાઈલનું નામ **'અવનગાર્ડ' (Avangard)** છે.
- આ મિસાઈલની ઝડપ **અવાજની ગતિથી 27 ગણી વધારે** એટલે કે **આશરે 33,000 કિમી/પ્રતિ કલાક** જેટલી હોવાનું કહેવાય છે.
- જોકે તેની એવરેજ સ્પીડ **અવાજની ગતિથી 20 ગણી વધારે** છે.
- આ મિસાઈલની તેજ રફતારને કારણે તેને રોકવી કે રડાર પર પકડવી મુશ્કેલ છે.
- આ મિસાઈલે તેના પરીક્ષણ દરમિયાન **6000 કિમી** દૂરના લક્ષ્યને સચોટ રીતે તોડી પાડ્યું હતું.
- આ મિસાઈલ **1 મેગાટન** સુધીના **પરમાણુ હથિયારો** લઈ જવા માટે પણ સક્ષમ છે.

### હાઈપરસોનિક સ્પીડ

અવાજની ગતિથી **5 ગણાથી વધારે ઝડપ**ને 'હાઈપરસોનિક સ્પીડ' તરીકે ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**અવાજની ગતિના સંદર્ભમાં સ્પીડ**

| ક્રમ | નામ | અવાજની ગતિના સંદર્ભમાં ઝડપ |
|---|---|---|
| 1 | હાઈપરસોનિક | અવાજની ગતિથી 5 ગણાથી વધારે સ્પીડ |
| 2 | સુપરસોનિક | અવાજની ગતિ કરતા વધારે પણ તેના 5 ગણા કરતા ઓછી સ્પીડ |
| 3 | ટ્રાન્સોનિક | અવાજની ગતિ જેટલી અથવા તેની આસપાસની સ્પીડ |
| 4 | સબસોનિક | અવાજની ગતિથી ઓછી સ્પીડ |

### ICE ? Questions

1. 27 ડિસેમ્બર 2019ના રોજ કયા યુદ્ધ વિમાન ભારતીય વાયુસેનામાંથી નિવૃત્ત થયા છે ?
(A) મિગ-21 (B) મિગ-27 (C) મિગ-29 (D) મિરાજ 2000 **(B)**

2. 27 ડિસેમ્બર 2019ના રોજ મિગ-27 વિમાનની છેલ્લી સ્ક્વોડ્રને કયા એર બેઝ પરથી અંતિમ ઉડાન ભરી હતી ?
(A) મિરઝાપુર (B) જામજોધપુર (C) જોધપુર (D) ફરિદાબાદ **(C)**

3. 1999ના કારગીલ યુદ્ધ દરમિયાન અથવા તો કારગીલ યુદ્ધ બાદ મિગ-27 વિમાનને કયું નામ આપવામાં આવ્યું હતું ?
(A) વીર (B) શૂરવીર (C) પ્રહાર (D) બહાદુર (D)

4. તાજેતરમાં સેવા નિવૃત્ત થયેલું મિગ-27 વિમાન ભારતીય વાયુસેનામાં કયારે સામેલ થયું હતું ?
(A) 1970 (B) 1975 (C) 1980 (D) 1985 (D)

5. ભારતની પ્રથમ ટ્રાન્સજેન્ડર યુનિવર્સિટી કયા રાજ્યમાં સ્થપાશે ?
(A) કેરળ (B) તમિલનાડુ (C) ઉત્તરપ્રદેશ (D) બિહાર (C)

6. ભારતની પ્રથમ ટ્રાન્સજેન્ડર યુનિવર્સિટી ક્યાં સ્થપાશે ?
(A) ભોપાલ (B) વારાણસી (C) ફરિદાબાદ (D) ફાજિલનગર (D)

7. તાજેતરમાં કયા દેશે વિશ્વની પ્રથમ હાઈપરસોનિક મિસાઈલ પોતાની સેનામાં સામેલ કરી છે ?
(A) અમેરિકા (B) રશિયા (C) ચીન (D) ઈઝરાયેલ (B)

8. રશિયાએ વિશ્વની કઈ પ્રથમ હાઈપરસોનિક મિસાઈલ પોતાની સેનામાં સામેલ કરી છે ?
(A) એડનગાર્ડ (B) એવનગાર્ડ (C) એલનગાર્ડ (D) એટનગાર્ડ (B)

9. હાઈપરસોનિક સ્પીડ એટલે ?
(A) અવાજની ગતિથી ઓછી સ્પીડ
(B) અવાજની ગતિ જેટલી અથવા તેની આસપાસની સ્પીડ
(C) અવાજની ગતિ કરતા વધારે પણ તેના 5 ગણા કરતા ઓછી સ્પીડ
(D) અવાજની ગતિ કરતા 5 ગણાથી વધારે સ્પીડ (D)

10. સુપરસોનિક સ્પીડ એટલે ?
(A) અવાજની ગતિથી ઓછી સ્પીડ
(B) અવાજની ગતિ જેટલી અથવા તેની આસપાસની સ્પીડ
(C) અવાજની ગતિ કરતા વધારે પણ તેના 5 ગણા કરતા ઓછી સ્પીડ
(D) અવાજની ગતિ કરતા 5 ગણાથી વધારે સ્પીડ (C)

11. ટ્રાન્સોનિક સ્પીડ એટલે ?
(A) અવાજની ગતિથી ઓછી સ્પીડ
(B) અવાજની ગતિ જેટલી અથવા તેની આસપાસની સ્પીડ
(C) અવાજની ગતિ કરતા વધારે પણ તેના 5 ગણા કરતા ઓછી સ્પીડ
(D) અવાજની ગતિ કરતા 5 ગણાથી વધારે સ્પીડ (B)

12. સબસોનિક સ્પીડ એટલે ?
(A) અવાજની ગતિથી ઓછી સ્પીડ
(B) અવાજની ગતિ જેટલી અથવા તેની આસપાસની સ્પીડ
(C) અવાજની ગતિ કરતા વધારે પણ તેના 5 ગણા કરતા ઓછી સ્પીડ
(D) અવાજની ગતિ કરતા 5 ગણાથી વધારે સ્પીડ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ વડોદરાની 16 વર્ષીય આયુષી ધોળકિયાએ મિસ ટીન ઈન્ટરનેશનલ 2019નો ખિતાબ જીત્યો

ડિસેમ્બર 2019 દરમિયાન ભારતમાં નવી દિલ્હી ખાતે 'મિસ ટીન ઈન્ટરનેશનલ 2019'નું આયોજન થયું હતું. જેમાં ગુજરાતના વડોદરાની 16 વર્ષીય યુવતી સુશ્રી આયુષી ધોળકિયાએ આ ખિતાબ જીતી લીધો છે. આ સાથે જ સુશ્રી આયુષી ધોળકિયા 'મિસ ટીન ઈન્ટરનેશનલ' ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય યુવતી બની ગયા છે. ભારતમાં દર વર્ષે વિશ્વના વિવિધ દેશોની 14થી 19 વર્ષની યુવતીઓ વચ્ચે આ સૌંદર્ય સ્પર્ધા યોજાય છે.

## ભારત

### ➤ ભારતીય મૂળના સુશ્રી મોનિષા ઘોષની અમેરિકાના પ્રથમ મહિલા ચીફ ટેક્નોલોજી ઓફિસર તરીકે નિમણૂક

ભારતીય મૂળના ડોક્ટર મોનિષા ઘોષની અમેરિકાના Federal Communications Commissionમાં ચીફ ટેક્નોલોજી ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ સાથે જ સુશ્રી મોનિષા ઘોષ આ પદ પર પહોંચનાર પ્રથમ મહિલા બની ગયા છે. 1986માં IIT ખડગપુરમાંથી બી.ટેક.ની ડિગ્રી મેળવનાર સુશ્રી મોનિષા ઘોષ 13 જાન્યુઆરી, 2020થી પોતાનું પદ સંભાળશે.

### ➤ છેલ્લા એક દાયકાના વિશ્વના પાંચ સર્વશ્રેષ્ઠ ક્રિકેટરોની વિઝડનની યાદીમાં શ્રી વિરાટ કોહલીનો સમાવેશ

'ક્રિકેટના બાઈબલ' તરીકે પ્રસિદ્ધ વિશ્વ પ્રસિદ્ધ મેગેઝિન વિઝડન દ્વારા તાજેતરમાં છેલ્લા એક દાયકાના વિશ્વના સર્વશ્રેષ્ઠ પાંચ ક્રિકેટરોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ યાદીમાં ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી વિરાટ કોહલીનો સમાવેશ થયો છે. ભારતના શ્રી વિરાટ કોહલી ઉપરાંત આ યાદીમાં સાઉથ આફ્રિકાના શ્રી ડેલ સ્ટેન અને શ્રી એબી ડિ'વિલિયર્સ તેમજ ઓસ્ટ્રેલિયાના શ્રી સ્ટીવ સ્મિથ અને સુશ્રી એલિસ પેરીનો સમાવેશ થયો છે.

### ➤ છેલ્લા એક દાયકાના વિશ્વના 50 સર્વશ્રેષ્ઠ ક્રિકેટરોની 'ધ ક્રિકેટર'ની યાદીમાં શ્રી વિરાટ કોહલી પ્રથમ

વિશ્વ પ્રસિદ્ધ મેગેઝિન 'ધ ક્રિકેટર' દ્વારા તાજેતરમાં છેલ્લા એક દાયકાના વિશ્વના 50 શ્રેષ્ઠ ક્રિકેટરોની યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં ભારતના શ્રી વિરાટ કોહલી પ્રથમ ક્રમે છે. ભારતના શ્રી વિરાટ કોહલી બાદ ઈંગ્લેન્ડના શ્રી જેમ્સ એન્ડરસન બીજા અને ઓસ્ટ્રેલિયાના મહિલા ક્રિકેટર સુશ્રી એલિસ પેરી આ યાદીમાં ત્રીજા ક્રમે છે.

## ➤ છેલ્લા એક દાયકાની વિઝડનની ટેસ્ટ ટીમના કેપ્ટન તરીકે શ્રી વિરાટ કોહલીની પસંદગી

'ક્રિકેટના બાઈબલ' તરીકે પ્રસિદ્ધ વિશ્વ પ્રસિદ્ધ મેગેઝિન **વિઝડન** દ્વારા તાજેતરમાં **છેલ્લા એક દાયકાની ટેસ્ટ ટીમ (Wisden's men's Test team of the decade)**ની યાદી જાહેર કરવામાં આવી છે. આ **ટેસ્ટ ટીમ**ના **કેપ્ટન** તરીકે ભારતના **શ્રી વિરાટ કોહલી**ની પસંદગી કરવામાં આવી છે. **શ્રી વિરાટ કોહલી** ઉપરાંત વિઝડનની આ ટેસ્ટ ટીમની યાદીમાં **ભારત**ના **શ્રી રવિચંદ્રન અશ્વિન**નો સમાવેશ થયો છે.

## ➤ છેલ્લા એક દાયકાની વિઝડનની વન ડે ટીમમાં શ્રી વિરાટ કોહલી સહિત ભારતના કુલ ત્રણ ખેલાડીઓનો સમાવેશ

વિશ્વ પ્રસિદ્ધ મેગેઝિન **'વિઝડન'** દ્વારા તાજેતરમાં **છેલ્લા એક દાયકાની વન ડે ટીમ (Wisden's men's ODI team of the decade)**ની યાદી જાહેર કરવામાં આવી છે. આ ટીમમાં **શ્રી વિરાટ કોહલી**, **શ્રી રોહિત શર્મા** અને **શ્રી મહેન્દ્ર સિંહ ધોની** એમ ભારતના કુલ **ત્રણ ક્રિકેટરો**નો સમાવેશ થયો છે. આ ઉપરાંત આ ત્રણમાંથી **શ્રી વિરાટ કોહલી**નો વિઝડનની છેલ્લા એક દાયકાની **ટેસ્ટ ટીમ**માં પણ સમાવેશ થયો છે. આથી, વિઝડનની છેલ્લા એક દાયકાની **ટેસ્ટ અને વન ડે** એમ **બંને** ટીમોમાં સમાવેશ થયો હોય તેવા **શ્રી વિરાટ કોહલી** ભારતના **એક માત્ર ક્રિકેટર** છે.

# વિશ્વ

## ➤ સૂર્યમાળાની બહાર મળી આવેલા ગ્રહ અને ઉપગ્રહને 'વિભા' તથા 'સંતમસ' નામ અપાયા

બ્રહ્માંડમાં મળી આવતા કોઈપણ ગ્રહ-ઉપગ્રહ ગોળા કે અન્ય પદાર્થનું નામકરણ **'ધ ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન'** દ્વારા કરવામાં આવે છે. તાજેતરમાં આ યુનિયનની શતાબ્દીની ઉજવણી નિમિત્તે આ યુનિયને વિવિધ દેશો પાસે આ માટે તેના સ્થાનિક નામ મંગાવ્યા હતા. આ અંતર્ગત સૂર્યમાળાની બહાર મળી આવેલા એક **ગ્રહ** અને તેના **ઉપગ્રહને** ક્રમશઃ **ભારતીય નામ 'વિભા'** અને **'સંતમસ'** આપવામાં આવ્યા છે. ભારતમાંથી **સુરત** અને **પૂણે**ના વિદ્યાર્થીઓએ આ નામ સજેસ્ટ કર્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE ? Questions

- 'મિસ ટીન ઈન્ટરનેશનલ' ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય યુવતીનું નામ શું છે ? – સુશ્રી આયુષી ધોળકિયા
- 'મિસ ટીન ઈન્ટરનેશનલ 2019' વિજેતા યુવતીનું નામ શું છે ? – સુશ્રી આયુષી ધોળકિયા
- અમેરિકાના ફેડરલ કોમ્યુનિકેશન કમિશનમાં પ્રથમ મહિલા ચીફ ટેક્નોલોજી ઓફિસર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી મોનિષા ઘોષ
- છેલ્લા એક દાયકાના પાંચ સર્વશ્રેષ્ઠ ક્રિકેટરોની 'વિઝડન'ની યાદીમાં ભારતના કયા ક્રિકેટરનો સમાવેશ થયો છે ? – શ્રી વિરાટ કોહલી
- છેલ્લા એક દાયકાના 50 સર્વશ્રેષ્ઠ ક્રિકેટરોની 'ધ ક્રિકેટર' નામના મેગેઝિનની યાદીમાં પ્રથમ ક્રમે કયા ક્રિકેટર છે ? – શ્રી વિરાટ કોહલી
- છેલ્લા એક દાયકાની ટેસ્ટ ટીમની 'વિઝડન'ની યાદીમાં કેપ્ટન તરીકે કોની પસંદગી કરવામાં આવી છે ? – શ્રી વિરાટ કોહલી

➢ છેલ્લા એક દાયકાની ટેસ્ટ ટીમની 'વિઝડન'ની યાદીમાં ભારતના કયા-કયા ક્રિકેટરોનો સમાવેશ થયો છે ?
– શ્રી વિરાટ કોહલી અને શ્રી રવિચંદ્રન અશ્વિન

➢ છેલ્લા એક દાયકાની ટેસ્ટ અને વન ડે એમ બંને ટીમોની 'વિઝડન'ની યાદીમાં કયા ભારતીય ક્રિકેટરનો સમાવેશ થયો છે ?
– શ્રી વિરાટ કોહલી

➢ છેલ્લા એક દાયકાની વન ડે ટીમની 'વિઝડન'ની યાદીમાં ભારતના કયા ક્રિકેટરોનો સમાવેશ થયો છે ?
– શ્રી વિરાટ કોહલી, શ્રી રોહિત શર્મા અને શ્રી મહેન્દ્રસિંહ ધોની

➢ 'ધ ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન' દ્વારા તેની શતાબ્દીની ઉજવણી નિમિત્તે સૂર્યમાળા બહાર શોધાયેલા એક ગ્રહ (અથવા તો તારાને) ક્યું ભારતીય નામ આપવામાં આવ્યું છે ?
– વિભા

➢ 'ધ ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન' દ્વારા તેની શતાબ્દીની ઉજવણી નિમિત્તે સૂર્યમાળા બહાર શોધાયેલા એક ઉપગ્રહને ક્યું ભારતીય નામ આપવામાં આવ્યું છે ?
– સંતમસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT

## QUESTIONS OF THIS WEEK

1. જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (JITO) દ્વારા ડિસેમ્બર 2019 દરમિયાન ગુજરાતમાં કઈ જગ્યાએ 'વાયબ્રન્ટ કચ્છ' વ્યાપાર પ્રદર્શનનું આયોજન થયું હતું ?
– ગાંધીધામ

2. ગુજરાતમાં ગાંધીધામ ખાતે યોજાયેલા 'વાયબ્રન્ટ કચ્છ' વ્યાપાર પ્રદર્શનનો કોણે પ્રારંભ કરાવ્યો હતો ?
– શ્રી મનસુખ માંડવીયા (કેન્દ્રીય શિપિંગ અને કેમિકલ તેમજ ફર્ટિલાઈઝર રાજ્યમંત્રી)

3. તાજેતરમાં કયા દેશમાંથી અલગ થવા માટે યોજાયેલા જનમત સંગ્રહમાં બોગનવિલેના 98 ટકા લોકોએ સ્વતંત્રતાની તરફેણમાં મતદાન કર્યું હતું ?
– પાપુઆ ન્યુ ગિની

4. તાજેતરમાં કયા દેશમાંથી સ્વતંત્રતા માટે બોગનવિલે લોકમતનું અથવા તો જનમત સંગ્રહનું આયોજન થયું હતું ?
– પાપુઆ ન્યુ ગિની

5. ભારતમાં કયા રાજ્યની સરકારે પોતાના રાજ્યના નાગરિકોની હેલ્થ પ્રોફાઈલ તૈયાર કરવાની યોજના બનાવી છે ?
– તેલંગાણા

6. શ્રી સ્ટીવ બકનોરનો રેકોર્ડ તોડીને સૌથી વધુ ટેસ્ટ મેચોમાં અમ્પાયરિંગનો રેકોર્ડ બનાવનાર શ્રી અલીમ ડાર કયા દેશના અમ્પાયર છે ?
– પાકિસ્તાન

7. ભારતીય વિદેશ મંત્રાલયમાં પશ્ચિમના દેશો માટેના સચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
– શ્રી વિકાસ સ્વરૂપ

8. 27-29 ડિસેમ્બર 2019 દરમિયાન ભારતમાં 'નેશનલ ટ્રાઈબલ ડાન્સ ફેસ્ટિવલ 2019' (રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય મહોત્સવ 2019)નું આયોજન ક્યાં થયું હતું ? – રાયપુર (છત્તીસગઢ)

9. યુ. એન. હેબિટેટ દ્વારા ભારતના કયા રાજ્યને 'વર્લ્ડ હેબિટેટ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યું છે ? – ઓડિશા

10. 'સ્પેસ ઓસ્કાર' તરીકે ઓળખાતી યુરોપીયન સ્પેસ એજન્સીની કોપરનિક્સ માસ્ટર્સ સોશિયલ ઈન્ટરપ્રિન્યોરશિપ ચેલેન્જ ભારતની કઈ સ્ટાર્ટઅપ કંપનીએ જીતી છે ? – બ્લૂ સ્કાય એનાલિટિક્સ

11. Indian Council of Agrical Research (ICAR)એ કૃષિ ટેક્નોલોજી ટ્રાન્સફર કરવા માટે કઈ સંસ્થા સાથે કરાર કર્યા છે ? – NABARD

12. 2થી 8 માર્ચ, 2020 દરમિયાન 36મી 'International Geological Congress 2020' (અથવા તો 36મી 'આંતરરાષ્ટ્રીય ભૂસ્તર કોંગ્રેસ 2020' કયા દેશમાં યોજાશે ?)

– ભારત (India Expo Centre & Mart, ગ્રેટર નોઈડા ખાતે)

13. તાજેતરમાં જ સુશ્રી ગીતા સિદ્ધાર્થ કાકનું નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – ફિલ્મ

(તેમણે શોલે, ત્રિશૂલ, પરિચય, ગર્મ હવા, ડિસ્કો ડાન્સર વગેરે ફિલ્મોમાં અભિનેત્રી તરીકે કાર્ય કર્યું છે.)

14. World Design Organization દ્વારા ભારતના કયા શહેરમાં World Design Propolisની સ્થાપના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – બેંગાલુરુ

15. દક્ષિણ એશિયન સાહિત્ય માટેના વર્ષ 2019ના DSC પુરસ્કારથી કયા ભારતીય લેખકને સન્માનિત કરવામાં આવ્યા છે ? – શ્રી અમિતાભ બાગચી

(તેમને 'હાફ દ નાઈટ ઈઝ ગોન' નવલકથા માટે આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ પુરસ્કાર અંતર્ગત 25,000 ડોલર ઈનામ રૂપે આપવામાં આવે છે. )

16. ડિસેમ્બર 2019 દરમિયાન 'પ્રથમ ગ્લોબલ રેફ્યુજી ફોરમ' ક્યાં યોજાઈ હતી ? – જીનેવા (સ્વિત્ઝર્લેન્ડ)

17. તાજેતરમાં હૈદરાબાદના કયા ઉર્દુ લેખકે 'નાગરિકતા સંશોધન અધિનિયમ'ના વિરોધમાં પદ્મ શ્રી પુરસ્કાર પાછો આપવાનો નિર્ણય કર્યો છે ? – શ્રી મુજતબા હુસૈન

(તેમને વર્ષ 2007માં પદ્મ શ્રી પુરસ્કાર એનાયત થયો હતો.)

18. 'રાષ્ટ્રીય બ્રોડબેન્ડ મિશન' અંતર્ગત ભારતમાં ક્યાં સુધીમાં ભારતના તમામ ગામોમાં બ્રોડબેન્ડ કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે ? – 2022

19. જાન્યુઆરી-ફેબ્રુઆરી 2020 દરમિયાન પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે યોજાનાર '44મા કોલકાતા પુસ્તક મેળા'માં ફોકસ કન્ટ્રી તરીકે કયા દેશની પસંદગી કરવામાં આવી છે ? – રશિયા

20. રાજસ્થાન સરકાર દ્વારા રાજસ્થાનના કયા શહેરમાં પ્રથમ જનતા ક્લિનિક શરૂ કરવામાં આવ્યું છે ? – જયપુર

21. વોટ્સ એપ અને ટેલિગ્રામની જેમ ભારતમાં કેન્દ્ર સરકાર સરકારી કામકાજ માટે કઈ સુરક્ષિત કોમ્યુનિકેશન એપ વિકસાવી રહી છે ? – GIMS (Government Instant Messaging System) app

22. સ્તન કેન્સરના ઈલાજ માટે કઈ સંસ્થા દ્વારા 'Trastuzumab' નામની દવાને મંજૂરી આપવામાં આવી છે ?

– WHO (World Health Organisation)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

23. તાજેતરમાં કયા દેશે 'ગાંધી સિટીઝનશિપ એજ્યુકેશન પ્રાઈઝ' શરૂ કરવાનો નિર્ણય કર્યો છે ? – પોર્ટુગલ

24. સુશ્રી જીના ખિત્તા કઈ રમત સાથે સંકળાયેલા છે ? – શૂટિંગ (હિમાચલ પ્રદેશ)

(તેમણે 63મી રાષ્ટ્રીય શૂટિંગ ચેમ્પિયનશિપ 2019માં મહિલાઓની 10 મીટર એર રાઈફલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો છે.)

25. Indian Pharmacopoeia (IP)ને માન્યતા આપનાર વિશ્વનો પ્રથમ દેશ કયો છે ? – અફઘાનિસ્તાન

(ઈન્ડિયન ફાર્માકોપિયા એ ભારતમાં બનતી અને આયાત થતી દવાઓનું સ્ટાન્ડર્ડ નક્કી કરવા માટેનું સત્તાવાર પુસ્તક છે.)

26. મહિલા ટી-20 વર્લ્ડ કપ 2020 માટે ICCએ કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થા સાથે ભાગીદારી કરી છે ? – યુનિસેફ

27. ભારતના 66મા રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડમાં કયા રાજ્યએ 'મોસ્ટ ફિલ્મ ફ્રેન્ડલી સ્ટેટ'નો એવોર્ડ જીત્યો છે ?

– ઉત્તરાખંડ

28. 'બેટી બચાવો બેટી પઢાવો' કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ 'દીકરી સુરક્ષા કવચ' નામના પુસ્તકનું ક્યાંથી વિમોચન કરાવ્યું છે ? – ભાવનગર (નંદકુંવરબા મહિલા કોલેજ, ભાવનગર)

29. ભારતમાં કયો દિવસ 'તુલસી પૂજન દિવસ' તરીકે ઉજવાય છે ? – 25 ડિસેમ્બર

(25 ડિસેમ્બરના રોજ સમગ્ર વિશ્વમાં ક્રિસમસના તહેવારની ઉજવણી કરવામાં આવે છે જ્યારે ભારતમાં કેટલાક વર્ગો દ્વારા આ દિવસને 'તુલસી પૂજન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.)

30. શ્રી વેર્નોન ફિલાન્ડરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે...તેઓ કયા દેશના ઓલરાઉન્ડર ખેલાડી છે ? – દક્ષિણ આફ્રિકા

31. વર્ષ 2019-20 માટે ફિક્કીના નવા અધ્યક્ષ કોણ બન્યું છે ?

– સુશ્રી સંગીતા રેડ્ડી (Apollo Hospitalના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર)

32. ફિક્કી (FICCI)નું પૂરું નામ શું છે ? – Federation of Indian Chambers of Commerce & Industry

33. તાજેતરમાં એસોચેમના નવા પ્રમુખ કોણ બન્યું છે ? – ડો. નિરંજન હિરાનંદાણી

34. એસોચેમ (ASSOCHAM)નું પૂરું નામ શું છે ?

– Associated Chambers of Commerce and Industry of India

35. શ્રીલંકાના શ્રી સનથ જયસુર્યાનો રેકોર્ડ તોડીને ઓપનર તરીકે એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ કોણે સર્જ્યો છે ? – શ્રી રોહિત શર્મા

36. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે લીધેલા નિર્ણય અનુસાર ગુજરાતમાં કોઈપણ વિભાગના સરકારી કર્મચારીને માનસિક સ્વસ્થતા માટે વિપશ્યના યોગની તાલીમ માટે કેટલા દિવસની ઓન ડ્યુટી રજા આપવામાં આવશે ?

– 10 દિવસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

37. તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમે કયા દેશ સામે સળંગ 10મી વન-ડે શ્રેણીમાં વિજય મેળવ્યો છે ? – વેસ્ટ ઈન્ડિઝ

38. 1 જાન્યુઆરી, 2020થી પાયલોટ પ્રોજેક્ટ તરીકે ગુજરાતના કયા જિલ્લામાંથી 108 એમ્બ્યુલન્સ માટેની 'ઈન્ટેલિજન્ટ રેફરલ સિસ્ટમ'નો પ્રારંભ થશે ? – રાજકોટ

(આ સિસ્ટમ અંતર્ગત 108 એમ્બ્યુલન્સને તે જ્યારે દર્દીને લઈને નીકળે ત્યારે જ ખબર પડી જશે કે તે દર્દી માટે યોગ્ય તબીબ કઈ હોસ્પિટલમાં મળશે.)

39. ગુજરાતના કયા શહેરમાં ફિફા અંડર 17 મહિલા વર્લ્ડ કપ 2020ની મેચ યોજવા માટે તાજેતરમાં પ્રોવિઝનલ ક્લિયરન્સ આપવામાં આવ્યું છે ? – અમદાવાદ

(અમદાવાદના EKA Arena અથવા તો EKA Erena by Transstadia ખાતે આ મેચ યોજાશે.)

40. ફિફા અંડર 17 મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ 2020 ક્યાં યોજાશે ? – ભારત

41. ભારતના કયા ચાર શહેરોમાં ફિફા અંડર 17 મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ 2020 યોજાશે ?

– અમદાવાદ, ભૂવનેશ્વર, કોલકાતા અને ગુવાહાટી

42. ક્યુબાના નવા વડાપ્રધાન તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી મેન્યુઅલ મરેરો ક્રૂઝ

43. તાજેતરમાં શ્રી મેન્યુઅલ મરેરો ક્રૂઝ કયા દેશના નવા વડાપ્રધાન બન્યા છે ? – ક્યુબા

44. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી કઈ જગ્યાએ યોજાયેલા 'ખેલ મહાકુંભ 2019'ના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા ? – ટ્રાન્સસ્ટેડિયા, અમદાવાદ

45. 'ખેલ મહાકુંભ 2019' અંતર્ગત ગુજરાતમાં કેટલા કરોડના ઈનામ એનાયત થયા છે ? – રૂ. 40 કરોડ

46. ગુજરાતમાં 'ખેલ મહાકુંભ'નો પ્રારંભ ક્યારથી થયો હતો ? – 2010

47. મહાત્મા ગાંધીજી અને માર્ટીન લ્યુથર કિંગના વારસાને વેગ આપતું વિધેયક (Bill) કયા દેશની સંસદમાં રજૂ થયું છે ?

– અમેરિકા

48. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી ઉદ્ધવ ઠાકરે મહારાષ્ટ્રમાં ખેડૂતોનું કેટલા રૂપિયા સુધીનું દેવું માફ કરવાની જાહેરાત કરી છે ? – રૂ. 2 લાખ

49. 21 ડિસેમ્બરથી 31 જાન્યુઆરી સુધીનો કાશ્મીરનો 40 દિવસનો કાતિલ ઠંડીનો સમયગાળો કયા નામે ઓળખાય છે ?

– ચિલ્લાઈ કલાન

50. ભારતમાં 25 ડિસેમ્બર શ્રી અટલ બિહારી વાજપેઈ ઉપરાંત અન્ય કયા મહાનુભાવનો જન્મદિવસ છે ?

– શ્રી મદન મોહન માલવીય

51. તીડના કારણે ખેતીના પાકોને થતું નુકશાન અટકાવવા માટે ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના બનાસકાંઠા ઉપરાંત અન્ય જિલ્લાઓમાં તીડ નિયંત્રણ માટે કઈ દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો ? – મેલાથીઓન 96%

52. GTU એટલે કે ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ અથવા તો વાઈસ ચાન્સેલર તરીકે તાજેતરમાં કોની સતત બીજી વખત નિમણૂક કરવામાં આવી છે ? – ડો. નવીનચંદ્ર શેઠ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

53. ગુજરાતમાં પાવાગઢની તળેટીમાં આવેલા ચાંપાનેર ગામના શ્રી વાઘેશ્વરી માતાના મંદિર ચોકથી કોણે પાવાગઢ પરિક્રમાનો શુભારંભ કરાવ્યો છે ? – ગુજરાતના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ

54. 27 ડિસેમ્બર, 2019ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા શહેરમાં યોજાયેલા ત્રિદિવસીય ગાહેડ–ક્રેડાઈ પ્રોપર્ટી શોનો શુભારંભ કરાવ્યો હતો ? – અમદાવાદ

(અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર ખાતે આ પ્રોપર્ટી શો યોજાયો હતો.)

55. 25 ડિસેમ્બર, 2019ને 'સુશાસન દિવસ'ના રોજ એક સાથે ગુજરાતના કેટલા સ્થળોએ ખેડૂતોને રૂ. 3795 કરોડની સહાય પેકેજના વિતરણ માટે સમારોહનું આયોજન થયું હતું ? – 8

(ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, કચ્છ, ભાવનગર, મહેસાણા અને ગોધરા ખાતે આ સમારોહ યોજાયો હતો. જેમાંથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વડોદરા ખાતેથી આ સહાય વિતરણનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.)

56. તાજેતરમાં નાગરિકતા સુધારા કાયદા વિરુદ્ધ થયેલા હિંસક દેખાવોમાં સરકારી સંપત્તિને થયેલા નુકશાનની વસૂલાત માટે ભારતના કયા રાજ્યની સરકાર દ્વારા આ નુકશાન માટે જવાબદાર લોકોને નોટિસ મોકલવામાં આવી છે ? – ઉત્તરપ્રદેશ

57. શ્રી વેર્નોન ફિલાન્ડરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે...તેઓ કયા દેશના ક્રિકેટર છે ? – દક્ષિણ આફ્રિકા

58. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા RBIના રિપોર્ટ અનુસાર ભારતમાં નાણાકીય વર્ષ 2018માં બેન્કોની NPA 11.2 ટકા હતી...જે ઘટીને નાણાકીય વર્ષ 2019માં કેટલા ટકા થઈ ગઈ છે ? – 9.1 ટકા

59. NPAનું પૂરું નામ શું છે ? – Non Performing Assets

60. ભારતમાં 'ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ'ના અથવા તો કોંગ્રેસ પક્ષના સ્થાપના દિન તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ? – 28 ડિસેમ્બર

61. ભારતમાં 'ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ'ની સ્થાપના કયારે થઈ હતી ? – 28 ડિસેમ્બર, 1885

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.